CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૧૩ | ગુરૂવાર તા.૨૪-૦૯-૨૦૨૬ | અંક : ૭૯ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# રાજકોટમાં ગણપતિ વિસર્જન સમયે એક જ પરિવારના ત્રણ સભ્યોના ડૂબી જવાથી મૃત્યુ

## કુવાડવા-વાંકાનેર રોડ પર ખોડિયાર મંદિર પાસેના તળાવમાં વિસર્જન કરવા આવેલા રાણપુરના ચૌહાણ પરિવારના પ્રૌઢ, યુવાન અને કિશોરના ડૂબી જવાથી કરુણ મૃત્યુ; રેસ્ક્યુ ટીમે ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યા

રાજકોટ,

રાજકોટના કુવાડવા-વાંકાનેર રોડ પર આવેલા ખોડિયાર મંદિર અને અજય વે બ્રિજ સામેના તળાવમાં ગણપતિ વિસર્જન કરવા આવેલા રાણપુરના એક પરિવાર સાથે એક અત્યંત હચમચાવનારી અને દુઃખદ દુર્ઘટના સર્જાઈ છે. વિસર્જન દરમિયાન પાણીમાં ડૂબી જવાથી એક જ પરિવારના ત્રણ સભ્યોના કરુણ મૃત્યુ નીપજતા સમગ્ર વિસ્તારમાં અને પરિવારજનોમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટનાની વિગતો મુજબ, રાણપુરની શિવધારા રેસિડેન્સી, શેરી નં.૬ ખાતે રહેતા પરિવારના સભ્યો ગણપતિ વિસર્જન માટે અહીં આવ્યા હતા. આ દરમિયાન અકસ્માતે પાણીમાં ડૂબી જવાથી પ્રૌઢ ધીરુભાઈ ભલાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૦) યુવાન નરેન્દ્રભાઈ મગનભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૦) અને કિશોર નયનભાઈ ધીરુભાઈ ચૌહાણ (ઉ.વ. ૧૩) નાં મૃત્યુ થયા હતા. આ ગંભીર દુર્ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની રેસ્ક્યુ-સર્ચ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને કલાકોની ભારે જહેમત બાદ ત્રણેયના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢ્યા હતા.



પાણીમાંથી મૃતદેહ બહાર કાઢતી વખતે મૃતકોના સંબંધી દિલીપભાઈ સોમાભાઈ તથા ગામના સરપંચ લાલભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. ફાયર સ્ટાફ દ્વારા ત્રણેયના મૃતદેહ સરપંચની હાજરીમાં એરપોર્ટ પોલીસને સોંપવામાં આવ્યા હતા, ત્યારબાદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયા હતા.

આ રેસ્ક્યુ સર્ચ ઓપરેશન સફળ બનાવવા માટે ફાયર જવાનો શાહબાઝખાન યુસુફઝાઈ, દિલીપભાઈ ગાંગડીયા, ફાયર ઓફિસર પરેશભાઈ રાઠોડ, ચેતનભાઈ છોટિયા, ધનરાજભાઈ મેટાલિયા, મનોજભાઈ ડાભી તેમજ ડ્રાઈવર મહિપાલસિંહ રાણાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કરુણાંતિકાથી હસતો-રમતો પરિવાર પળભરમાં વિખેરાઈ ગયો છે અને સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે.

## યમુના એક્સપ્રેસવે પર સ્લીપર બસમાં અચાનક આગ ભભૂકી ઉઠતા ૯ મુસાફરોના કરુણ મોત

નવી દિલ્હી :

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાંથી એક અત્યંત દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. યમુના એક્સપ્રેસવે પર દોડતી એક સ્લીપર બસમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં ક્ષણભરમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં ૯ મુસાફરોના મોત નીપજયા છે, જયારે કેટલાક મુસાફરોએ ચાલુ બસમાંથી નીચે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ બસમાં આશરે ૪૦થી ૫૦ જેટલા મુસાફરો સવાર હતા. આ ભયાનક ઘટના યમુના એક્સપ્રેસવેના ઝીરો પોઈન્ટથી આશરે ૩૨ કિલોમીટર આગળ બની હતી, જે વિસ્તાર જેવર પોલીસ સ્ટેશન હેઠળ આવે છે. જોઈન્ટ સીપી રાજીવ નારાયણ મિશ્રાએ જણાવ્યું હતું કે, બસમાં આગ લાગતાં જ મુસાફરોમાં ભારે નાસભાગ મચી હતી. લોકો પોતાનો જીવ બચાવવા માટે બસમાંથી બહાર કૂદવા લાગ્યા હતા. જોતજોતામાં આગની જવાળાઓએ આખી બસને પોતાની ઝપેટમાં લીધી અને ૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

## ડેટા આધારિત સેવાઓ બનશે વધુ ઝડપી અને સરળ

### ગુજરાતમાં AI ક્રાંતિ માટે રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય

અમદાવાદ,

ડિજિટલ ક્રાંતિ અને ટેકનોલોજીના યુગમાં ગુજરાત રાજ્યને આગેકૂચ કરાવવા માટે રાજ્ય સરકારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ને લઈને એક અત્યંત મહત્વનો અને દૂરંદેશી નિર્ણય લીધો છે. રાજ્યમાં AI મોડલ્સ અને ટેકનોલોજીના ઝડપી વિકાસ માટે 'GPUaaS' (GPU yuÕ y સર્વિસ) ફ્રેમવર્ક અમલમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી છે. આ સમગ્ર પ્રોજેક્ટ અને તેની પ્રક્રિયાનું સંચાલન 'ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડ' (GIL) દ્વારા હાથ ધરવામાં આવશે, જેથી રાજ્યમાં કમ્પ્યુટિંગ પાવરની જરૂરિયાતોને યોગ્ય રીતે પૂરી કરી શકાય. રાજ્ય સરકારની આ નવી નીતિ હેઠળ સરકારી વિભાગો અને તંત્રને ૧૦૦% સબસિડી આપવામાં આવશે, જેથી તમામ સરકારી સેવાઓમાં AI નો મહત્તમ અને અસરકારક ઉપયોગ થઈ શકે. આ ઉપરાંત, ટેકનોલોજી અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે પસંદગીના AI સ્ટાર્ટઅપ્સને પણ આ સબસિડીનો વિશેષ લાભ આપવામાં આવશે. મોંઘા GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જગ્યાએ સબસિડીવાળી સુવિધા મળવાથી નવા સ્ટાર્ટઅપ્સ માટે કમ્પ્યુટિંગ ખર્ચ ઘણો ઘટી જશે, જેનાથી રાજ્યમાં નવોદિત AI કંપનીઓને મોટો સપોર્ટ મળશે.

GPUaaS ફ્રેમવર્ક લાગુ થવાથી રાજ્યમાં 'હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ' (HPC) ની સુવિધાઓ ખૂબ જ સરળતાથી ઉપલબ્ધ બનશે.

## અમેરિકામાં જિનપિંગનું ભવ્ય સ્વાગતઃ પ્રોટોકોલ તોડીને ટ્રમ્પે કર્યું સ્વાગત

### ૧૦ જાન્યુઆરી સુધી 'વેપાર યુદ્ધવિરામ'

નવી દિલ્હી :

ચીનના પ્રમુખ શી જિનપિંગ બુધવારે ૩ દિવસની સત્તાવાર યાત્રાએ વોશિંગ્ટન પહોંચ્યા છે. આ મુલાકાતની શરૂઆત સાથે જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષો જૂની રાજદ્વારી પરંપરાઓ બાજુ પર મૂકીને સૌને ચોંકાવી દીધા હતા. મેરીલેન્ડ સ્થિત 'જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ' લશ્કરી મથક પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ રૂબરૂ હાજર રહ્યા હતા અને વિમાન પાસે જઈને શી જિનપિંગ તથા તેમની પત્ની પેંગ લિયુઆનનું સ્વાગત કર્યું હતું.

C-SPANના પ્રમુખ કાર્યક્રમોના ઐતિહાસિક રેકોર્ડ મુજબ, છેલ્લે વર્ષ ૨૦૧૫માં તત્કાલીન પ્રમુખ બરાક ઓબામાએ પોપ ફ્રાન્સિસનું એરપોર્ટ પર જાતે જઈને સ્વાગત કર્યું હતું. ત્યારપછી કોઈ વિદેશી નેતાનું વિમાન પાસે જઈને સ્વાગત કરવાનો આ પ્રથમ બનાવ છે.



લગભગ ૩ વર્ષ પછી અમેરિકા પહોંચેલા ચીની પ્રમુખના આગમન વેળાએ મિલિટ્રી બેન્ડે ધૂન વગાડી હતી અને તોપોની સલામી આપવામાં આવી હતી. આ દરમિયાન ઉપરથી એક B-1 બોમ્બર વિમાન પસાર થતાં ટ્રમ્પ સહેજ ચોંકી ગયા હોય તેવું જણાયું હતું. બંને નેતાઓએ હાથ મિલાવ્યા અને ટૂંકી વાતચીત કરી હતી. ત્યારબાદ બંને નેતાઓ એરબેઝ પરથી અલગ-અલગ રવાના થયા હતા. તેમની વચ્ચેની ઔપચારિક બેઠક ગુરુવારે યોજાનાર છે.



# ગુજરાતમાં સરકારી તંત્રને મળશે AIનો 'GPU પાવર'

## સરકારી વિભાગો, સંસ્થાઓ અને પસંદગીના AI સ્ટાર્ટઅપ્સને હાઈ-પરફૉર્મન્સ કમ્પ્યુટિંગની સુવિધા

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત ગવર્નન્સ અને નવીનતાને વેગ આપવા માટે વધુ એક મહત્વનું પગલું ભર્યું છે અને State-wide GPU-as-a-Service (GPUaaS) Frameworkને તાત્કાલિક અસરથી અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. આ વ્યવસ્થા હેઠળ સરકારી વિભાગો અને સંલગ્ન સંસ્થાઓને હાઈ-પરફૉર્મન્સ ઍ કમ્પ્યુટિંગ રિસોર્સિસની સામૂહિક અને કેન્દ્રિત સુવિધા ઉપલબ્ધ બનશે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના નેતૃત્વ હેઠળ કરાયેલા આ નિર્ણય મુજબ રાજ્ય સરકાર છૈંનો ઉપયોગ માત્ર ટેક્નોલોજી સુધી મર્યાદિત ન રાખીને સુશાસન, જાહેર સેવા વિતરણ અને નવીનતામાં તેનો વ્યાપ વધારવા માગે છે. આ માટે અમલમાં મુકાયેલા AI Action Planના છ મુખ્ય સ્તંભોમાં Data, Infrastructure, Capacity Building, Foundational R&D and Use Case Development, Deeptech Startup Facilitation તથા Safe & Trusted AIનો સમાવેશ થાય છે. આ જ યોજનાના બીજા સ્તંભ એટલે કે Infrastructureને મજબૂત કરવા માટે હવે GPUaaS માળખું કાર્યરત કરાયું છે.

આ નવા માળખા હેઠળ ગુજરાત ઇન્ફૉર્મેટિક્સ લિમિટેડ (GIL) દ્વારા કેન્દ્રિત GPU ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન કરવામાં આવશે. આથી અલગ-અલગ સરકારી વિભાગોને પોતાના સ્તરે મોંઘા હાઈ-પરફૉર્મન્સ કમ્પ્યુટિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની જરૂરિયાતમાં ઘટાડો થઈ શકે છે અને ઉપલબ્ધ સંસાધનોનો કેન્દ્રિત રીતે ઉપયોગ શક્ય બનશે.

સરકારી વિભાગો ઉપરાંત સરકારી સંસ્થાઓ, બોર્ડ-કૉર્પોરેશન, સ્વાયત્ત સંસ્થાઓ અને વિજ્ઞાન-ટેક્નોલોજી વિભાગ દ્વારા સમયાંતરે મંજૂર કરવામાં આવતી અન્ય સંસ્થાઓ પણ મંજૂર છૈં તથા ડેટા આધારિત ઉપયોગના કિસ્સાઓ માટે આ GPU સુવિધાનો લાભ લઈ શકશે. GPU રિસોર્સિસની ફાળવણી કેન્દ્રિય વ્યવસ્થા મારફતે થશે. તેમાં ટેક્નિકલ શક્યતા, ઉપલબ્ધ સંસાધનો, મંજૂર ઉપયોગ-કેસ, જરૂરિયાતની પ્રાથમિકતા અને લાગુ પડતી સરકારી નીતિઓ જેવા માપદંડોને ધ્યાનમાં લેવામાં આવશે. GIL GPU ઇન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રોવિઝનિંગ, ઓપરેશન, મોનિટરિંગ અને મેનેજમેન્ટ સહિતની જવાબદારી સંભાળશે. પરિણામે છૈં આધારિત પ્રોજેક્ટ્સ માટે જરૂરી કમ્પ્યુટિંગ ક્ષમતાનું વ્યવસ્થિત સંચાલન થઈ શકશે. સરકારી વિભાગો અને AI સ્ટાર્ટઅપ્સ માટે ૧૦૦% સબસિડી.

# ગુજરાતમાં કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટનો વ્યાપ વધારવા જાપાન નાણાકીય અને ટેકનિકલ સહાય પૂરી પાડશે

## ગુજરાત સરકાર, સુઝુકી અને જાઈકા વચ્ચે ટૂંક સમયમાં થશે સમજૂતી કરાર

ગાંધીનગર,

ગુજરાતમાં સહકારી ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવા અને પર્યાવરણપ્રિય ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે સહકારી ડેરીઓ દ્વારા સરકારની સહાયથી કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટ સ્થાપવાનું એક ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

આ સંદર્ભે ગાંધીનગર ખાતે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડા અને જાપાનના પ્રતિનિધિમંડળ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ સંયુક્ત બેઠક યોજાઈ હતી. જાપાનના વિશિષ્ટ ડેલિગેશનમાં જાપાન સરકારના વેપાર અને ઉદ્યોગ મંત્રાલયના પ્રાદેશિક પ્રતિનિધિ શ્રી ટોયોકાઝુ નાગામુને, સુઝુકી મોટર કોર્પોરેશનના મેનેજિંગ ઓફિસર શ્રી કેનિચિરો ટોયોફુકુ, JICA ઈન્ડિયાના ચીફ રિપ્રેઝન્ટેટિવ શ્રી ટાકુરો તાકેઉચી તથા સીનિયર રિપ્રેઝન્ટેટિવ શ્રી સોટા કોઈડે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં બાયો ગેસ પ્લાન્ટનો વ્યાપ વધારવા તેમજ બાયોગેસની સાથે-સાથે ગુણવત્તાયુક્ત ઓર્ગેનિક ફર્ટિલાઇઝરનું ઉત્પાદન વધારવાના હેતુથી સુઝુકી અને ત્નૈંઝછના પ્રતિનિધિઓ દ્વારા નાણાકીય અને ટેકનિકલ સહાય પૂરી પાડવા અંગેનો એક વિસ્તૃત પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન આ પ્રસ્તાવ પર પ્રાથમિક અને સકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

પ્રાપ્ત થયેલા પ્રસ્તાવ અંગે થયેલી ચર્ચાના આધારે આગામી સમયમાં ગુજરાત સરકાર, સુઝુકી અને JICA વચ્ચે વિધિવત રીતે સમજૂતી કરાર (MoU) કરવામાં આવશે, જે રાજ્યના હરિયાળા ભવિષ્ય માટે એક મોટું કદમ સાબિત થશે.

આ બેઠકમાં સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરૂણકુમાર સોલંકી, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિ, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન તેમજ સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર શ્રી ભરત જોષી સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, બનાસ ડેરી તેમજ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના ઉચ્ચ અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચામાં સક્રિય ભાગ લીધો હતો.

# અમદાવાદ : સગીરાના અપહરણ, દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

અમદાવાદ,

શહેરમાં આવેલ સિટી સેશન્સ કોર્ટ પરિસરમાં આવેલી પોક્સોની વિશેષ અદાલતે એક મહત્વનો ચુકાદો આપ્યો છે જેમાં, ૧૭ વર્ષ અને ૨ મહિનાની સગીરાનું અપહરણ કરી તેને ધમકી આપીને અજમેર લઈ જવા અને તેની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ આચરવાના કેસમાં ૨૮ વર્ષીય આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ કેસમાં સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોરની દલીલો, ૧૦ સાક્ષીઓના નિવેદનો અને ૨૮ જેટલા દસ્તાવેજી તથા અન્ય પુરાવાઓને ધ્યાને લઈ વિશેષ ન્યાયાધીશ એચ.એન. દેસાઈએ ચુકાદો આપ્યો હતો.

આ કેસની વાત કરીએ તો, વર્ષ ૨૦૨૪માં ફરિયાદી પોતાની પત્નીની સારવાર માટે હોસ્પિટલ ગયા હતા. તે દરમિયાન તેમની ૧૭ વર્ષ અને ૨ મહિનાની સગીર દીકરી ઘરેથી ગુમ થઈ હતી. પરિવારજનોએ તેની શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો નહીં મળતા સમગ્ર મામલે રામોલ પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, આરોપી સગીરાને બસ અને ટ્રેન મારફતે વડોદરા અને સુરત થઈને અજમેર લઈ ગયો હતો. અજમેર પહોંચ્યા બાદ તેને સમીર ગેસ્ટ હાઉસમાં રાખી હતી.

કોર્ટ સમક્ષ પીડિતાએ જણાવ્યું હતું કે, આરોપીએ માતા-પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેને અજમેર લઈ જઈને તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવાથી તેની કોઈપણ કથિત સંમતિને કાયદાકીય સંમતિ તરીકે માન્ય ગણાવી શકાય નહીં, તેવી કાયદાકીય સ્થિતિને પણ કોર્ટે ધ્યાનમાં લીધી હતી.

# ગુજરાત ભાજપના સહ-પ્રભારી તરીકે ગોમતી સાઈ અને અજય મહાવરની કરાઈ નિમણૂક

## ભાજપે આદિવાસી જુવાળ રોકવા આદિવાસી સમુદાયના નેતાને જવાબદારી સોંપી હોવાની ચર્ચા

ગાંધીગનર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. તેમ તેમ નિમણૂકો પણ પૂરજોશમાં કરવામાં આવી રહી છે. કેમકે ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા દેશના ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની નવી યાદી જાહેર કરવામાં આવી છે. આ નવી સંગઠનાત્મક વરણીઓ અંતર્ગત ગુજરાત ભાજપના પ્રભારી તરીકે અગાઉ નિમાયેલા તરુણ ચૂઘ બાદ હવે બે નવા સહ-પ્રભારીઓની સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. એટલે કે ભાજપે સહ પ્રભારી



તરીકે છત્તીસગઢના આદિવાસી નેતા ગોમતી સાઈ અને દિલ્હીના ધારાસભ્ય અજય મહાવરને ગુજરાત ભાજપના સહ-પ્રભારી તરીકેની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

ભાજપે આદિવાસી જુવાળ રોકવા આદિવાસી સમુદાયના નેતા જવાબદારી સોંપી હોવાની ચર્ચા છે. કેમ કે ગુજરાત ભાજપના નવનીયુક્ત સહ-પ્રભારી ગોમતી સાઈનો છત્તીસગઢના જાણીતા નેતા છે અને હાલમાં છત્તીસગઢ વિધાનસભાની પથલગાંવ બેઠક પરથી ધારાસભ્ય પણ છે. આ ઉપરાંત ગોમતી સાઈ સંગઠન અને સંસદીય રાજકારણમાં વિશાળ અનુભવિ છે. એટલું જ નહિ તેઓ અગાઉ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન છત્તીસગઢની રાયગઢ લોકસભા બેઠકના સાંસદ પણ રહી ચૂક્યા છે. આદિવાસી ક્ષેત્રોમાં તેમની સક્રિયતા અને સંગઠનાત્મક ક્ષમતાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય નેતૃત્વ દ્વારા તેમને ગુજરાત જેવા મહત્ત્વના રાજ્યમાં પક્ષના કાર્યો આગળ ધપાવવાની જવાબદારી સોંપાઈ હોવાની ચર્ચા છે.

# સાયલા-લીંબડી હાઈવે પર એસટી બસમાં મુસાફર પાસેથી ૨.૨૬ લાખનો ગાંજો પકડાયો

સુરેન્દ્રનગર,

સાયલા-લીંબડી હાઈવે પર એસટી બસમાંથી ગાંજો પકડાયો છે. અકસ્માત બાદ મુસાફરોને અન્ય બસમાં ટ્રાન્સફર કરતા ગાંજો પકડાયો છે. કંડક્ટરને શંકા જતાં મુસાફરને અટકાવી પોલીસને જાણ કરી હતી. સાયલા પોલીસે મુસાફર પાસેથી ૨.૨૬ લાખનો ગાંજો જપ્ત કર્યો હતો. પોલીસે મધ્યપ્રદેશના આરોપી જોહન રામસંગ ભુરિયાની ધરપકડ કરી છે.

અમદાવાદ કસ્ટમ્સના એર ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા અમદાવાદ એરપોર્ટ પર કાર્યવાહી કરી ગાંજાનો મોટો જથ્થો કબ્જે કર્યો હતો. બેંગકોકથી અમદાવાદ આવેલા એક મુસાફરની ચેક-ઇન બેગેજમાંથી આશરે ૮.૯ કિલો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવતા કસ્ટમ્સ વિભાગે તેની ધરપકડ કરી હતી. ૨૧ સપ્ટેમ્બરના રોજ બેંગકોકથી ફ્લાઈટ નંબર ટીજી ૩૪૩ અમદાવાદ આવી હતી. પેસેન્જર પ્રોફાઈલિંગના આધારે અમદાવાદ કસ્ટમ્સની એઆઈયુ ટીમે મુંબઈના રહેવાસી એક પુરુષ મુસાફરને શંકાના આધારે અટકાવી તેની બેગેજની તપાસ હાથ ધરી હતી. બેગેજની તપાસ દરમિયાન કપડાં વચ્ચે છુપાવવામાં આવેલા ૧૪ એરટાઈટ પ્લાસ્ટિક પેકેટ મળી આવ્યા હતા. પેકેટમાંથી લીલા રંગનો પદાર્થ મળી આવતા અધિકારીઓને શંકા ગઈ હતી. ત્યારબાદ એનડીપીએસ ફિલ્ડ ટેસ્ટિંગ કિટથી પદાર્થની પ્રાથમિક તપાસ કરવામાં આવતા તે ગાંજો એટલે કે મેરિજુઆના હોવાનું સામે આવ્યું હતું. અમદાવાદ કસ્ટમ્સ દ્વારા એનડીપીએસ એક્ટ ૧૯૮૫ની સંબંધિત જોગવાઈઓ હેઠળ હાઈડ્રોપોનિક ગાંજાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

# નરોડામાં ગેરકાયદે કોલ સેન્ટરનો પર્દાફાશ, અમેરિકન નાગરિકોને લોન સેટલમેન્ટના નામે ઠગતા ૭ ઝડપાયા

## નરોડા પોલીસે લેપટોપ, મોબાઈલ ફોન, રાઉટર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો

અમદાવાદ,

નરોડા વિસ્તારમાં અમેરિકન નાગરિકોને લોન સેટલમેન્ટના નામે છેતરપિંડી કરતા ગેરકાયદે કોલ સેન્ટરનો પોલીસે પર્દાફાશ કર્યો છે. નરોડા હંસપુરા રાજચંદ્ર સર્કલ પાસે આવેલા સાહિત્ય આર્કેડના પ્રથમ માળે દુકાન નંબર ૧૧૨માં છેલ્લા ત્રણ મહિનાથી આ કોલ સેન્ટર ચલાવવામાં આવતું હોવાની માહિતીના આધારે પોલીસે રેડ કરી હતી. કાર્યવાહી દરમિયાન બે મહિલા સહિત કુલ સાત આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓ અમેરિકન નાગરિકોના બેક્ર એકાઉન્ટ સંબંધિત લીડ ડેટા મેળવી તેનો ઉપયોગ કરતા હતા. આ ડેટા કોલ સેન્ટરમાં કામ કરતા કર્મચારીઓને આપવામાં આવતો હતો. ત્યારબાદ અમેરિકાની અલગ-અલગ બેક્રોના વકીલ હોવાની ખોટી ઓળખ આપી લોન સસ્તામાં સેટલ કરાવવાની લાલચ આપતી સ્ક્રિપ્ટ મુજબ ઈ-મેલ મોકલવામાં આવતા હતા. કોઈ અમેરિકન નાગરિક તરફથી ઈ-મેલનો જવાબ મળ્યા બાદ તેને લોન સેટલમેન્ટના નામે વિશ્વાસમાં લેતા ત્યારબાદ આરોપીઓ કથિત રીતે ક્રેડિટ કાર્ડની સંપૂર્ણ વિગતો મેળવી આ માહિતી ટેલિગ્રામ અને વોટ્સએપ મારફતે અન્ય પેમેન્ટ હેન્ડલર્સને મોકલતા હતા. મળેલી વિગતોના આધારે અમેરિકન નાગરિકોના બેક્ર ખાતામાંથી નક્કી કરેલી રકમ કપાવવામાં આવતી. પોલીસ તપાસમાં વધુમાં સામે આવ્યું છે કે આ રીતે મેળવેલી રકમમાંથી એક હિસ્સો કથિત રીતે ક્રિપ્ટોકરન્સી એટલે કે બિટકોઈન મારફતે મેળવવામાં આવતો હતો. ત્યારબાદ અલગ-અલગ ટેલિગ્રામ ગ્રુપના સંપર્કથી બિટકોઈનને ભારતીય ચલણમાં રૂપાંતરિત કરી હવાલા/આંગડિયા મારફતે નાણાં મેળવવામાં આવતા હોવાની માહિતી સામે આવી છે.

નરોડા પોલીસે રેડ દરમિયાન સ્થળ પરથી લેપટોપ, મોબાઈલ ફોન, રાઉટર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં આરોપીઓ પાસેથી અલગ-અલગ ઈ-મેલ એકાઉન્ટમાં લોગિન અને લોન સેટલમેન્ટ સંબંધિત સ્ક્રિપ્ટનો ઉપયોગ થતો હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

# વિદ્યાર્થીઓએ તેમના શિક્ષણ અને કાર્યનો ઉપયોગ રાષ્ટ્ર અને સમાજના હિત માટે કરવો જોઈએ : દ્રૌપદી મુર્મુ

## મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડાનો ૭૫મો દીક્ષાંત સમારોહ યોજાયો

વડોદરા,

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને તેમના કાર્યમાં રાષ્ટ્ર અને સમાજના હિતોને પ્રાથમિકતા આપવા વિનંતી કરી. આમ કરવાથી દેશ અને સમાજ બંને માટે તેમજ પોતાના માટે પણ પ્રગતિ થશે. રાષ્ટ્રપતિ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડાના ૭૫મા દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે શિક્ષણ ખરેખર ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે દેશ અને સમાજને લાભ આપે.

તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ તેમના શિક્ષણનો ઉપયોગ ફક્ત પોતાના અને પોતાના પરિવાર માટે જ ન કરવો જોઈએ. તેમણે વિચારવું જોઈએ કે તેઓ સમાજના વ્યાપક હિતમાં કેવી રીતે યોગદાન આપી શકે છે. તેમણે વધુમાં કહ્યું, "જો વિદ્યાર્થીઓ તેમના કાર્યમાં દેશ અને સમાજના હિતોને પ્રાથમિકતા આપે છે, તો તેઓ દેશ અને સમાજની સાથે પ્રગતિ કરશે."

તેણીએ કહ્યું કે આવી પ્રગતિ તેમને અપાર સંતોષ લાવશે. તેઓ તેમના શિક્ષણનું મહત્વ સમજશે. જો તમે એન્જિનિયર બની રહ્યા છો, તો એવી ટેકનોલોજીઓ વિકસાવો જે લોકોના જીવનમાં સુધારો લાવે. જો તમે ડૉક્ટર બની રહ્યા છો, તો દવાને ફક્ત એક વ્યવસાય ન માનો. તેને સેવા ગણો.તેમણે કહ્યું, "સેવા એ માનવતા અને શાંતિનો પાયો છે. તે સંતોષ લાવે છે. જીવવા માટે સંસાધનોની જરૂર છે, પરંતુ પૈસા જ બધું નથી." સાચો સંતોષ બીજાઓની સેવા કરવાથી મળે છે." રાષ્ટ્રપતિએ કહ્યું કે વૈજ્ઞાનિકોએ માનવતાના હિત માટે સમસ્યાઓના ઉકેલ પર કામ કરવું જોઈએ.

# ગુજરાતમાં ડેમોની સ્થિતિ: રાજ્યના કુલ ૨૦૭માંથી માત્ર ૩૨ ડેમ જ સંપૂર્ણ ભરાયેલા

## કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પાણીની સ્થિતિ ચિંતાજનક

ગાંધીનગર,

ગુજરાતમાં ચોમાસાના વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે. બીજી તરફ ગુજરાતના ડેમોમાં સંગ્રહિત પાણીની સ્થિતિ ચિંતાજનક નજરે પડી રહી છે. આજે, ૨૩ સપ્ટેમ્બરની સ્થિતિએ ગુજરાતમાં કુલ ૨૦૭ ડેમમાંથી માત્ર ૩૨ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. ડેમોમાં સંગ્રહિત પાણીના જથ્થા મામલે કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની હાલત સૌથી ખરાબ છે. સરદાર સરોવર નર્મદા ડેમને બાદ કરવામાં આવે તો ગુજરાતના ૨૦૬ ડેમમાં સરેરાશ ૭૧.૬૦% પાણી છે. જો સરદાર સરોવરને ધ્યાનમાં લઈએ તો ગુજરાતના ૨૦૭ ડેમમાં સરેરાશ ૮૧.૭૮% પાણીનો સંગ્રહ છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં આવેલા ડેમોમાં સરેરાશ ૧૦ ટકાથી પણ ઓછો પાણીનો સંગ્રહ છે. બનાસકાંઠાના ડેમોમાં સરેરાશ ૨૦.૧૭ ટકા તો પોરબંદર ડેમોમાં સરેરાશ ૧૭.૭૨% પાણી છે. જૂનાગઢ જિલ્લાના ડેમોમાં પણ સરેરાશ ૨૭.૦૭% પાણી છે. વિસ્તાર પ્રમાણે ડેમોની સ્થિતિ જોઈએ તો...

૧) ઉત્તર ગુજરાતઃ કુલ ૧૫ ડેમમાંથી ફક્ત ૨ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. ૧૫ ડેમમાં કુલ સરેરાશ ૪૬.૬૭ ટકા પાણીનો સંગ્રહ છે.અરવલ્લી ૬૮.૨૫%,બનાસકાંઠા ૨૦.૧૭%,મહેસાણા ૫૩.૨૧% સાબરકાંઠા ૫૭.૬૪%

૨) મધ્ય ગુજરાતઃ કુલ ૧૭ ડેમમાંથી ફક્ત ૩ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. ૧૭ ડેમમાં કુલ સરેરાશ ૭૧.૧૬ ટકા પાણીનો સંગ્રહ છે.: છોટાઉદેપુર ૮૮.૭૦%,દાહોદ ૮૦.૦૮%,ખેડા ૪૮.૧૫%,મહીસાગર ૬૯.૨૬% પંચમહાલ ૬૩.૫૯%

૩) દક્ષિણ ગુજરાતઃ કુલ ૧૩ ડેમમાંથી ૮ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. ૧૩ ડેમમાં કુલ સરેરાશ ૮૪.૮૬ ટકા પાણીનો સંગ્રહ છે.ભરૂચ ૯૯.૯૭%,નર્મદા ૯૦.૬૫%,નવસારી ૧૦૦.૦૦%,સુરત ૮૭.૦૫%,તાપી ૮૩.૩૩%, વલસાડ૯૮.૧૦%,

# ધોલેરા સ્વામિનારાયણ ધામમાં મદનમોહનજી મહારાજનો અલૌકિક ૨૦૦મો દ્વિશતાબ્દી મહોત્સવ ગૂંજશે

## વૈરાગ્યમૂર્તિ સદગુરુ નિષ્કુળાનંદ સ્વામી દ્વારા કંડારાયેલા ઐતિહાસિક તીર્થધામમાં ૨૩ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન લાખો ભક્તોની ઉપસ્થિતિમાં ઐતિહાસિક ઉત્સવ ઉજવાશે

અમદાવાદ,

સ્વામિનારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ અને પવિત્ર તીર્થક્ષેત્ર ધોલેરાધામ ખાતે બિરાજમાન આરાધ્ય દેવ મદનમોહનજી મહારાજના સાનિધ્યમાં સંવત ૧૮૮૨થી સંવત ૨૦૮૨ સુધીના ગૌરવપૂર્ણ ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે એક ઐતિહાસિક દ્વિશતાબ્દી મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે. બરાબર બસો વર્ષ પૂર્વે વૈરાગ્યમૂર્તિ સદગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના અનન્ય સમર્પણ અને અથાગ પરિશ્રમ થકી આ દિવ્ય ધામનું સર્જન




કરી ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું હતું. એ જ તપોભૂમિ અને અલૌકિક ધામમાં આગામી ૨૩ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય આશીર્વાદ અને પાવન અધ્યક્ષસ્થાને આ મહોત્સવ અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવાશે. આ અલૌકિક ઉત્સવને સફળ અને યાદગાર બનાવવા માટે મંદિર સંકુલમાં અત્યારથી જ વ્યાપક સ્તરે તડામાર પૂર્વતૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. દેશ-વિદેશમાંથી લાખો ભાવિક ભક્તો, સંત મંડળ અને હરિભક્તો આ ઐતિહાસિક પળના સાક્ષી બનવા અને દિવ્ય દર્શન-સેવાનો લાભ લેવા ધોલેરાની પવિત્ર ધરા પર ઉમટી પડશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં GSFCના સાત નવા ઈનોવેટીવ ઉત્પાદનોનું લોંચીંગ કર્યુ

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના સાહસ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડના ઈનોવેટીવ ઉત્પાદનોનું ગાંધીનગર ખાતેથી લોન્ચિંગ કર્યુ હતું. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યમંત્રી કૌશિક વેકરિયા તેમજ કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારા આ અવસરે ઉપસ્થિતિ રહ્યાં હતા.

પાક સંરક્ષણના આ સાત શક્તિશાળી નિવારણ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિકસિત કૃષિથી વિકસિત ગુજરાતનું પ્રતિબિંબ છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ટેક્નોલોજી આધારિત, કાર્યક્ષમ



અને સસ્ટેનેબલ એગ્રીકલ્ચરની દિશામાં GSFCની ભૂમિકાની સરાહના કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનની સેવા સાધનાના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી રાજયવ્યાપી સેવા સંકલ્પ અભિયાનથી થઈ રહી છે ત્યારે GSFCની આ પહેલોના લોંચીંગને મુખ્યમંત્રીશ્રીએ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત કૃષિ અને ગ્રામીણ અર્થતંત્રને વધુ સમૃદ્ધ બનાવનારી ગણાવી હતી.

તેમણે કહ્યુ કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ગરીબ, અન્નદાતા, યુવા અને નારીશક્તિને મુખ્ય પિલ્લર કહ્યાં છે. આ ચાર પિલ્લરમાં મહત્વપૂર્ણ એવા અન્નદાતા ખેડૂતના ઉત્પાદનોને ક્વોલિટી, વેલ્યુ એડીશન, પ્રોસેસિંગ અને વર્લ્ડ માર્કેટ સુધીની પહોંચ આપવા GSFCની આ સાત પહેલો ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ GSFCની 'સરદાર' બ્રાન્ડ નેમથી પ્રખ્યાત થયેલી પ્રોડક્ટ્સની શ્રૃંખલામાં આ નવી સાત પહેલો પાકને જરૂરી સંરક્ષણ પુરું પાડવામાં ખેડૂતોને શ્રેષ્ઠ વિકલ્પ પૂરો પાડશે એમ પણ ઉમેર્યુ હતું. તેમણે જણાવ્યું કે, ગુણવત્તા સભર પાક સંરક્ષણ ઉકેલો ખેડૂતો સુધી સમયસર, સરળતાથી અને વિશ્વસનીય રીતે પહોંચે તે માટે GSFC કૃષિ ઉત્પાદનોની વ્યાપક શ્રેણીમાં સંતુલિત પોષણ, બાયો ફર્ટીલાઈઝર અને અન્ય કૃષિ ઈનપુટ્સ પર કામ કરે છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# વ્યવસાય વેરા વસુલાત માટે મોટી ઝુંબેશની તૈયારીઃ ૬૪ હજાર નોટીસ તૈયાર

## બિલ્ડર, સીએ, વકીલ, ડોકટર ઉપરાંત મોટા શોરૂમ, કંપની, શાળા, જીમ, ટ્રાવેલ્સ એકમોમાં પણ નવી નોંધણી માટે ટીમો તૈયાર : સેંકડો આસામીએ રજીસ્ટ્રેશન જ કર્યા નથી

રાજકોટઃ
મનપાની પાણી અને મિલ્કત વેરામાં રૂા.પાંચ-પાંચ હજારની મર્યાદામાં વ્યાજમાફી યોજના માસાંતે પૂરી થવાની છે ત્યારે હવે વ્યવસાય વેરો વસુલવા પણ કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે. હાલના બાકીદારો ઉપરાંત પ્રોફેશ્નલ ટેકસની નોંધણી ન કરાવનાર, સમયે વેરો નહીં ભરનાર સહિતના અંદાજે ૬૪ હજાર જેટલા કરદાતાઓને આગામી સપ્તાહથી નોટિસ આપવાનું શરૂ કરાશે તેમ ટેકસ શાખામાંથી જાણવા મળ્યું છે.

મનપાના વેરા વિભાગ દ્વારા વ્યવસાયવેરાના સંભવિત કરદાતાઓની નવી વિગતો એકત્ર કરવામાં આવી રહી છે. જેમાં બિલ્ડર, સીએ, વકીલો, ડોક્ટરો, વિવિધ ક્ષેત્રના વ્યવસાયિકો, મોટા વેપારીઓ, દુકાનદારો, ખાનગી સંસ્થાઓ, કંપનીઓ અને અન્ય પેઢીઓનો સમાવેશ થાય છે. ચાલુ નાણાકીય વર્ષમાં મહાનગરપાલિકાને વ્યવસાયવેરા પેટે આજ દિન સુધીમાં અંદાજે રૂ. ૧૮ કરોડની આવક થઈ છે પણ આવકનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે હજુ વધુ વસૂલાત કરવાની હોવાથી કડકાઈ શરૂ કરાશે.

શહેરમાં પ્રોફેશ્નલ ટેકસને પાત્ર છતાં નોંધણી નહીં કરાવનાર વ્યવસાયકારોની ઓળખ કરવા અલગ-અલગ વિભાગો અને ઉપલબ્ધ ડેટાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં વ્યવસાય કરતી વ્યક્તિ કે પેઢી પાસે જરૂરી નોંધણી છે કે નહી વેરો નિયમિત ભરવામાં આવે છે કે નહીં અને કોઈ જૂની બાકીદારી છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. વેપાર-ધંધા માટેનાં લાઈસન્સ, દુકાનો અને સંસ્થાઓની નોંધણી, મિલકતવેરાના રેકોર્ડ તથા અન્ય ઉપલબ્ધ માહિતીના આધારે કરદાતાઓની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. પ્રાથમિક ચકાસણી બાદ અંદાજે ૬૪ હજાર વ્યક્તિઓ અને પેઢીઓને વ્યવસાયવેરા સંબંધિત નોટિસ મોકલવાનું શરૂ કરાશે.

મહાપાલિકાની આ ઝુંબેશ માત્ર વેપારીઓ પૂરતી મર્યાદિત નહીં રહે. શહેરમાં પોતાની ક્લિનિક, હોસ્પિટલ કે ક્ધસલ્ટિંગ સેન્ટર ચલાવતા ડોક્ટરો ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વકીલો, આર્કિટેક્ટ, એન્જિનિયર, બિલ્ડર, ક્ધસલ્ટન્ટ અને અન્ય સ્વતંત્ર વ્યવસાયિકોની વિગતોની પણ ચકાસણી કરવામાં આવશે. આ ઉપરાંત મોટા વેપારીઓ, શોરૂમ સંચાલકો, હોલસેલર, ડિસ્ટ્રિબ્યુટર, ખાનગી કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, હોટલ-રેસ્ટોરન્ટ, કોચિંગ ક્લાસ, જીમ, ટ્રાવેલ્સ સંચાલકો તથા અન્ય વ્યાવસાયિક એકમો વ્યવસાયવેરાના કાયદા મુજબ નોંધાયેલા છે કે નહીં તેની તપાસ કરવા પણ તંત્ર વિચારી રહ્યું છે.

વિભાગે જણાવ્યું હતું કે, આવી પેઢીએ પોતાનો વ્યવસાય, વ્યવસાય શરૂ કર્યાની તારીખ, કર્મચારીઓની સંખ્યા, વ્યવસાયવેરાની નોંધણી તથા અગાઉ ભરેલા વેરા અંગેના દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. જેમણે વેરો ભર્યો હોવા છતાં તંત્રની યાદીમાં નામ આવ્યું હોય તેઓને જરૂરી પુરાવા રજૂ કરીને સ્પષ્ટતા કરવાની તક આપવામાં આવશે. પરંતુ વ્યવસાયવેરો ભરવાની જવાબદારી હોવા છતાં નોંધણી નહીં કરાવનાર અથવા લાંબા સમયથી વેરો નહીં ભરનાર સામે નિયમો મુજબ બાકી રકમ, વ્યાજ અને દંડ સહિતની વસૂલાત કરવામાં આવી શકે છે.

નોટિસની અવગણના કરનાર સામે આગામી તબક્કામાં કડક કાર્યવાહી હાથ ધરવાની તૈયારી પણ ચાલી રહી છે. દરમ્યાન નોટિસ પાઠવ્યા બાદ સંબંધિત કરદાતાઓ તરફથી જવાબ નહી મળે તો ટીમો સ્થળ પર જઈને તપાસ કરશે. પેઢી કાર્યરત છે કે નહી, કેટલા લોકો ત્યાં રોજગાર મેળવી રહ્યા છે અને વ્યવસાયવેરા હેઠળ જરૂરી નોંધણી કરવામાં આવી છે કે નહીં તેની સ્થળ પર ચકાસણી કરવામાં આવશે. તો મોટી પેઢીઓ અને કંપનીઓ દ્વારા વ્યવસાયવેરાની જોગવાઈનું પાલન કરવામાં આવે છે કે નહીં તેના પર ધ્યાન આપી નવી નોંધણીનો ટાર્ગેટ પણ નકકી કરાયો છે. શહેરમાં વેપાર-ધંધાઓની સંખ્યા સતત વધી રહી હોવાથી વ્યવસાયવેરાના કરદાતાઓનો વ્યાપ પણ વધ્યો છે. આમ છતાં અનેક વ્યવસાયકારોએ નોંધણી કરાવી નથી. આથી હયાત કરદાતાઓ પાસેથી બાકીદારી વસૂલવાની સાથે નવા વ્યવસાયિકોને વેરાના દાયરામાં લાવી આવક વધારવા પ્રયાસો કરાશે.

વ્યવસાયવેરાના કરદાતાઓને નોટિસ કે દંડાત્મક કાર્યવાહીની રાહ જોયા વિના પોતાની નોંધણી અને બાકીદારીની ચકાસણી કરી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૧૮ કરોડની આવક થયા બાદ હવે રીકવરી શરૂ કરવા તૈયારી હાથ ધરવામાં આવી છે.

# એસ.ટી.નાં ખાનગીકરણ સામે ફરી લડતનો ધોકો પછાડતુ મઝદુર સંઘ

## ખાનગીકરણથી ૬.૫૦ કરોડ મુસાફરો અને નિગમનાં ૪૨ હજાર કર્મચારીનાં ભાવિ ઉપર ધા

રાજકોટઃગુજરાત રાજ્ય એસ.ટી. નિગમનાં ખાનગીકરણ પ્રશ્ને ફરી એકવાર ભારતીય મઝદુર સંઘે ફરી આકરા સવાલો સાથે લડતનો ધોકો સરકાર સામે પછાડયો છે અને જણાવેલ છે કે- ગુજરાતની જીવા દોરી સમાન ગુજરાત એસટી નિગમ નું ખાનગીકરણ કરવાની પ્રક્રિયા એ ફક્ત નિર્ણય નથી પણ ગુજરાતની ૬.૫ કરોડ મુસાફર જનતા અને ૪૨ ,૦૦૦ કર્મચારી પરિવારોના ભવિષ્ય પર ઘા છે.

મુસાફર જનતા માટે ચિંતા નો વિષય છે કારણ કે ભાડું બેફામ વધશે આજે ૨૦ રૂપિયામાં ગામડે જતો માણસ કાલે ખાનગી એજન્સીઓ મારફતે ભાડામાં બેફામ વધારો થશે. ગામડા વંચિત રહેશે, ખાનગી માલિક નફા વાળા રૂટ પર જ ગાડીઓ ચલાવશે છેવાડાના ગામડાના રૂટ જ્યાં નફો નથી ત્યાં બસ બંધ થઈ જશે ,ગરીબ વિદ્યાર્થીઓ અને ખેડૂતો ક્યાં જશે?.

પેસેન્જરની સુરક્ષાનો અભાવ, એસટી.ના અનુભવી ડ્રાઇવરો ની સમયસુચકતા , અને સુરક્ષાનો ધોરણ ખાનગી ઓપરેટર નહીં જાળવી શકે. ખાનગી ઓપરેટરો સારા અને પાકા રોડ ઉપર જ ગાડીઓ ચલાવશે , અંતરિયાળ ગામડાઓની બસ સેવા બંધ થશે, બસનો કોઈ સમય નક્કી નહી રહે, હાલમાં જે રીતે ખાનગી જીપો લક્ઝરીઓ અને રીક્ષાઓ ફરે છે તે રીતે મુસાફરો મળશે તો આવશે અને અકસ્માતમાં વધારો થસે,અને મુસાફરો ની જાન નું પણ જોખમ રહેશે, વાર તહેવાર, લગ્નની સિઝન, માં જ્યાં વાહનોના ન મળતા ભાડા ડબલ કરી પ્રજાને લુટવામાં આવશે. રોડ રસ્તામાં બ્રેક ડાઉન થાય તો અન્ય કોઈ સુવિધા નહીંમળે, અકસ્માત થાય તો કોઈ વળતર નહી. એસટીની સેવા કે જન સેવા છે. જનસેવા કોઈ ધંધો નથી, પ્રાઇવેટ ઓપરેટરોને આ ધંધો સોંપી કોમર્શિયલ પદ્ધતિ અપનાવી આ સંસ્થાની વર્ષો જુની નામનાં લોકો નો વિસવાસ નો સરકાર દુર ઉપયોગ કરી ખીસા ખાનગી કંપની ના ભરવા માટે છે. અંતરીયાળ વિસ્તારમાં જતી એસ.ટી.સેવા બંધ થશે.

રાજ્યની મુસાફર જનતા જાગે ૬.૫ કરોડ પ્રજાની જીવા દોરી સમાન એસટી નિગમનું ખાનગીકરણ અટકાવવું ખૂબ જ જરૂરી છે. જેના માટે સૌનો દ્રઢ સહકારની અપેક્ષા છે. વર્તમાન સરકારના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર અને એસટીના ઉપલા અધિકારીઓ ની સાઠ ગાઠથી , યુનિયનને ધાક ધમકી થી આ કામ કરાવા, ખાનગીકરણ કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. એસટી કર્મચારી માટે ભવિષ્ય અંધકાર મય અને લાલ લાઈટ સમાન છે. આ માટે એસ.ટી. કર્મચારી સંગઠનો એ પણ વિચારવાનો સમય આવી રહ્યો છે,

એસટી એ સેવા છે ધંધો નથી. નફા નુકસાન ના ત્રાજવે ગરીબો ની મુસાફરી ના સેવાકીય એકમો ને સરકાર વેંચી રહી છે. તો અમે સરકારને ચેતવીએ છીએ કે આ ખાનગીકરણની પ્રક્રિયા તાત્કાલિક અટકાવશો નહી , તો સમગ્ર ગુજરાતની પ્રજા અને એસટી ના કર્મચારીઓ આ અંગે આવતી ચૂંટણીમાં આ સરકારને રાહ બતાવશે.

# ડે.મેયરના આવાસનો મામલો પ્રદેશમાં પહોંચ્યો :ભાજપમાં ઘેરા પડઘા




## દક્ષાબેન વસાણી કોર્પો.એ ન આવ્યા : લોહાણા સમાજમાં પણ ચર્ચાઓ : કંઈ ખોટુ ન કર્યાનો બચાવ

રાજકોટઃ રાજકોટ મહાપાલિકાના ડે.મેયર દક્ષાબેન વસાણીએ યુનિ. રોડ નટરાજ નગરની આવાસ યોજનામાં કવાર્ટરનો ગેરલાભ લીધાના આક્ષેપોના ઘેરા પડઘા હવે રાજકીય આગ પણ પકડી રહ્યા છે.

આ કેસમાં ડે.મેયરે જાણતા કે અજાણતા જે લાભ લીધો હોય પરંતુ ભાજપમાં લાગેલી આ આગના ધુમાડા પ્રદેશ ભાજપ સુધી પહોંચી ગયાનું અને પાર્ટીમાંથી જ કોઇ નવા જુના લોકોએ પુરૂ પ્રકરણ ધગધગતું કર્યાનું ચર્ચામાં આવી ગયું છે. આ કારણે આ મામલે પ્રદેશ હાઇકમાન્ડમાંથી પુછાણ આવ્યાનું પણ જાણવા મળ્યું છે. બીજી તરફ આ મામલો લોહાણા સમાજમાં પણ ગરમાગરમ બની ગયો છે.

હજુ ગત સપ્તાહે જ પ્રભારી અને પ્રદેશ મહામંત્રી અનિરૂધ્ધ દવેએ તમામ કોર્પોરેટરોની મીટીંગ બોલાવીને તમામ ચૂંટાયેલા લોકોને પાર્ટી લાઇનમાં, શિસ્તમાં રહેવા અને પક્ષની પ્રતિષ્ઠાને નુકસાન ન થાય તે યાદ રાખવા તાકીદ કરી હતી. પક્ષને નુકસાન થાય તેવી પ્રવૃતિ કરનારા સસ્પેન્ડ પણ થઇ શકે તેવું પણ આડકતરી રીતે કહી દીધુ હતું.

તેમણે જાહેરનામામાં મકાન હોવાનો સ્વીકાર કર્યાની નોંધ છે. અગાઉ કોઇ આવાસમાં લાભ લીધો નથી. પરંતુ માલિકીનું મકાન હોવા છતાં આવાસનો લાભ લીધાનો આક્ષેપ છે. પરંતુ ડે.મેયરે કપાતના બદલામાં કોર્પો.એ આવાસ આપ્યાનો બચાવ કર્યો હતો.

બીજી તરફ આ વિવાદ વધતા ડે.મેયર ત્રણ દિવસથી કોર્પો.એ આવતા નથી અને આક્ષેપોથી દુ:ખી થઇને રડી પડયાનું પણ જાણવા મળ્યું હતું. દક્ષાબેન વસાણીએ એવું કહ્યું હતું કે, આવાસ માટે રજૂ કરેલા સોગંદનામામાં પરિવાર પાસે રહેલા મકાન સહિતની જરૂરી વિગતોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ફાળવણી પ્રક્રિયામાં કોઈ માહિતી છુપાવવામાં આવી નથી અને નિયમ મુજબ જ આવાસ મેળવવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૫માં આવાસ મેળવવા માટે જરૂરી સોગંદનામું રજૂ કર્યું હતું. તેમાં પોતાની તથા પરિવારની રહેણાક અને મિલકત સંબંધિત વિગતો જાહેર કરી હતી. આથી કોઇ ખોટી વિગત મુકી નથી. સત્તાવાર રેકોર્ડની તપાસ કરવામાં આવે તો સમગ્ર હકીકત સ્પષ્ટ થઈ જશે. તેમને સામાજીક તથા રાજકીય ક્ષેત્રે બદનામ કરવા પ્રયાસો થઇ રહ્યા છે.

# મહાપાલિકા દ્વારા શહેરના આઠ સર્કલ પીપીપીથી ડેવલપ કરાશે : કંપની - સંસ્થાઓ પાસે ઓફર મંગાવતી મનપા

## પાંચ વર્ષ માટે જાળવણી સહિતના હકકો અપાશે : સંતકબીર રોડ, એઈમ્સ રોડ, ચુનારાવાડ ચોક સામેલ

રાજકોટ,
મહાપાલિકા દ્વારા શહેરના જુદા જુદા રસ્તા પર આવેલા સર્કલ પીપીપીથી ડેવલપ કરવા માટે ટેન્ડર પ્રસિધ્ધ કરીને ઓફર મંગાવવામાં આવી છે. શહેરનાં ઈસ્ટ તથા સેન્ટ્રલ ઝોનમાં મુખ્ય રસ્તાઓ ઉપર આવેલ જલગંગા ચોક સંતકબીર રોડ, સેટેલાઈટ ચોક પેડક રોડ, બાલક હનુમાન ચોક પેડક રોડ, આહીર સર્કલ નહેરૂનગર ૮૦ફુટ રોડ, ચુનારાવાડ ચોક સર્કલ, માધાપર મેઈન રોડ-એઈમ્સ રોડ જંકશન સર્કલ, સ્વ.નારણભાઈ કુંગસિયા ચોક, વોર્ડ ઓફીસ ૩-ડ સામે રેલનગર, સ્વામિનારાયણ ચોક કૃષ્ણનગર મેઈન રોડ, રેલ્વે સ્ટેશન સામેના સાધુ વાસવાણી કુંજ ચોકનું આઈલેન્ડ



જનભાગીદારી પીપીપી ધોરણેથી ડેવલપ કરવા તથા પાંચ વર્ષ માટેના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ સહિતના રાઈટસ પ્રીમિયમથી આપવા ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ માટે કંપની, સંસ્થાઓ પ્રતિ સર્કલ અને આઈલેન્ડ માટે નિયત થયેલ અપસેટ વાર્ષિક પ્રિમિયમ સાથે તેઓની ઓફર આગામી તા.૫ ઓક્ટોબરના રોજસાંજે ૬ કલાક સુધીમાં મોકલી શકશે.

રજુ કરેલ ઓફરોમાં કવર ઉપર કયા સર્કલ, આઈલેન્ડ માટે ઓફર આપવામાં આવેલ છે જેના નામ કવર પર દર્શાવવાનું રહેશે. વિશેષ માહિતી માટે વેબ સાઈટ અથવા ટ્રાફીક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા, મલ્ટી એક્ટીવીટી સેન્ટર, ત્રીજો માળ, નાનામવા ચોકડી, ૧૫૦ ફૂટ રીગ રોડ ખાતેથી માહિતી મળશે.

આગામી દિવસોમાં નવા ભળેલા મોટા મવા, માધાપર, મુંજકા, મનહરપુર-૧, ઘંટેશ્વર, કોઠારીયા તેમજ વાવડી વિસ્તાર તેમજ ન્યુ રીગ રોડ સહિતના વિસ્તારોના સર્કલ ડેવલપ કરવા ટેન્ડર બહાર પાડવામાં આવે તેવું સમજવામાં આવે છે. હાલ પીપીપીથી અપાતા ટ્રાફિક સર્કલથી તંત્રને વર્ષે એકાદ કરોડની આવક થાય છે.

# રાજકોટ ગૂડ્ઝ શેડથી તમિલનાડુના ગંગઈકોંડાનના નવા ગંતવ્ય માટે પ્રથમ વખત ઘઉંનું લોડિંગ

## ૨૧ વેગનમાં ૧,૩૫૧ ટન ઘઉં રવાનાઃ ૨,૪૫૦ કિલો મીટરના અંતરથી રેલવેને ૪૪.૯૮ લાખની આવક થઈ

રાજકોટઃ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને માલવાહક પરિવહનના ક્ષેત્રમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં નવા ગંતવ્ય સ્થાન ગંગઈકોંડાન માટે પ્રથમ વખત ઘઉંનું લોડિંગ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. રાજકોટ ડિવિઝનની બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ ના સતત અને સક્રિય પ્રયાસોથી ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાજકોટ ગૂડ્ઝ શેડથી તમિલનાડુના મદુરૈ ડિવિઝન સ્થિત ગંગઈકોંડાન માટે ૨૧ વેગનમાં કુલ ૧,૩૫૧ ટન ઘઉં ભરવામાં આવ્યા હતા. આ માલગાડી આશરે ૨,૪૫૦ કિલોમીટરનું અંતર કાપીને ગંગઈકોંડાન પહોંચશે, જેનાથી રેલવેને ૪૪.૯૮ લાખની માલભાડા આવક થઈ છે.

ગંગઈકોંડાન માટે વિકસાવવામાં આવેલી આ નવી ઓરિજિન-ડેસ્ટિનેશન પેર (ઉદ્ગમ-ગંતવ્ય જોડી) રાજકોટ ડિવિઝન દ્વારા માલ પરિવહનની નવી તકો વિકસાવવાની



દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. લાંબા અંતર સુધી અનાજનું રેલ પરિવહન સલામત, વિશ્વસનીય અને પર્યાવરણને અનુકૂળ હોવાની સાથે દેશના વિવિધ વિસ્તારોને રેલ નેટવર્ક દ્વારા જોડવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, રાજકોટ ડિવિઝન દ્વારા નવા ગંતવ્યોની ઓળખ કરીને માલ પરિવહનને વેગ આપવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નવા ગંતવ્ય ગંગઈકોંડાન માટે ઘઉંનું આ પ્રથમ લોડિંગ નવી માલ પરિવહન તકો વિકસાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું કે, “નવા માલ પરિવહનના અવસરો વિકસાવવા એ અમારી નિરંતર પ્રાથમિકતા છે. ‘વધુ ગંતવ્ય, વધુ તકો, વધુ સશક્ત રેલવે’ ના સંકલ્પ સાથે અમે વેપારી ક્ષેત્રોને રેલ નેટવર્ક સાથે જોડીને માલવાહક ટ્રાફિક અને માલભાડાની આવક બંને વધારવાની દિશામાં સતત કામ કરી રહ્યા છીએ.”

# રાજકોટ ડિવિઝનમાં મુસાફરોને સ્વચ્છ તેમજ ગુણવત્તાયુક્ત ભોજન અને સલામત પીવાનું પાણી પૂરું પાડવા માટે નિયમિત તપાસ

## સ્વચ્છતા હી સેવા–૨૦૨૬ અભિયાન અંતર્ગત વિવિધ સ્ટેશનો પર ખાદ્ય પદાર્થો અને પીવાના પાણીની ગુણવત્તાની ઝીણવટભરી તપાસ

રાજકોટઃપશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ‘સ્વચ્છતા હી સેવા–૨૦૨૬’ અભિયાન અંતર્ગત મુસાફરોના સ્વાસ્થ્ય અને સુવિધાને પ્રાથમિકતા આપતા વિવિધ રેલવે સ્ટેશનો પર ખાદ્ય પદાર્થો તેમજ પીવાના પાણીની ગુણવત્તાની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. ડિવિઝનના મેડિકલ વિભાગના હેલ્થ ઈન્સ્પેક્ટરો દ્વારા વિવિધ સ્ટેશનો પર નિયમિત અને સઘન નિરીક્ષણ કરીને કેટરિંગ સ્ટોલ, ફૂડ આઉટલેટ, વોટર કૂલર, વોટર બૂથ અને વોટર હટમાંથી ખાદ્ય પદાર્થો તથા પીવાના પાણીના નમૂના લેવામાં આવી રહ્યા છે.

મુખ્ય સ્ટેશનોની સાથે-સાથે નાના અને વે-સાઇડ સ્ટેશનોને પણ આ તપાસ વ્યવસ્થામાં સામેલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ટ્રેનોની પેન્ટ્રી કારમાં મુસાફરોને પીરસવામાં આવતા ભોજનની ગુણવત્તા, સ્વચ્છતા અને નિર્ધારિત ધોરણોના પાલનની પણ નિયમિત તપાસ કરવામાં આવી રહી છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે મુસાફરોની સુરક્ષા અને સ્વાસ્થ્ય રેલવેની પ્રાથમિકતાઓમાં સામેલ છે. તેમણે ઉમેર્યું કે સ્વચ્છતા હી સેવા–૨૦૨૬ અભિયાન દરમિયાન ખાદ્ય પદાર્થો અને પીવાના પાણીની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે નિરીક્ષણ તેમજ નમૂના પરીક્ષણની કામગીરીને વધુ અસરકારક બનાવવામાં આવી છે. સંબંધિત વિભાગો દ્વારા નિર્ધારિત ધોરણોના પાલન પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

મુસાફરોને પીરસવામાં આવતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ની જોગવાઈઓ હેઠળ હ્લજીજીછૈં સર્વેલન્સ સેમ્પલિંગ અને નિર્ધારિત પ્રક્રિયા અનુસાર નમૂના લેવામાં આવે છે. ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા સમોસા, થેપલા, ખમણ અને પૂરી જેવા તૈયાર ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવે છે.

તેમજ બિસ્કિટ, વેફર્સ, કેક અને કૂકીઝ જેવા પેકેજ્ડ ખાદ્ય પદાર્થોની ગુણવત્તાની તપાસ રેલવેની ગુણવત્તા નિયંત્રણ વ્યવસ્થા અંતર્ગત ૈંઈસ્સ ની જોગવાઈઓ અનુસાર કરવામાં આવે છે. કેટરિંગ સ્ટોલ પર ખાદ્ય પદાર્થોની જાળવણી, સંગ્રહ, સ્વચ્છતા અને સાફ-સફાઈની પણ તપાસ કરવામાં આવે છે.મુસાફરોને સલામત પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે સ્ટેશન પરિસરમાં આવેલા વોટર કૂલર, વોટર હટ, વોટર બૂથ અને અન્ય પીવાના પાણીના સ્ત્રોતોમાંથી નિયમિતપણે પાણીના નમૂના લેવામાં આવે છે.

ડિવિઝનલ રેલવે હોસ્પિટલની



લેબોરેટરીમાં કરવામાં આવે છે. જેમાં એસિડ ફોર્મેશન, ગેસ ફોર્મેશન તથા ઈ. કોલાઈ સહિતના નિર્ધારિત પરીક્ષણો કરવામાં આવે છે અને તેનું પરિણામ સામાન્ય રીતે ત્રણ દિવસમાં પ્રાપ્ત થાય છે.

પીવાના પાણીની ઝડપી તપાસ માટે ૐ૨જી બેક્ટેરિયલ સ્ટ્રીપ ટેસ્ટ કરવામાં આવે છે, જેનું પરિણામ લગભગ ૨૪ કલાકમાં રંગ પરિવર્તનના આધારે મળે છે. આ ઉપરાંત પાણીનું રાસાયણિક વિશ્લેષણ દ્બછમ્ન્ માન્યતા પ્રાપ્ત લેબોરેટરીમાં કરાવવામાં આવે છે, જેમાં ભારતીય રેલવેની જળ પુરવઠા નીતિ અનુસાર ૨૩ નિર્ધારિત માપદંડોની ચકાસણી કરવામાં આવે છે.

રાજકોટ ડિવિઝનમાં પ્રત્યેક હેલ્થ ઈન્સ્પેક્ટર માટે દર મહિને ઓછામાં ઓછા ૨૬ બેક્ટેરિયોલોજીકલ અને ૨ કેમિકલ પાણીના નમૂનાની તપાસ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત છે. નાના અને વે-સાઈડ સ્ટેશનોને પણ આ તપાસ વ્યવસ્થામાં સામેલ કરવામાં આવ્યા છે. વધુમાં, મુખ્ય અને વે-સાઈડ સ્ટેશનો પર પીવાના પાણીમાં ફ્રી ક્લોરિન ની નિયમિત ચકાસણી કરવામાં આવે છે.

# જી.ટી.યુ. બી.ઈ. બીજા સેમેસ્ટરના પરિણામમાં વી.વી.પી. કોલેજના વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે

રાજકોટઃતાજેતરમાં જાહેર થયેલ જી.ટી.યુ. દ્વારા બી.ઈ. બીજા સેમેસ્ટરના પરિણામને એનાલીસીસ કરાતા કુલ ૫૮ એન્જીનીયરીંગ કોલેજમાંથી કુલ ૧૩૭૯૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાંથી વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના ૯ વિદ્યાર્થીઓએ ટોપટેનમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.સમગ્ર ગુજરાતમાં જી.ટી.યુ. બી.ઈ. માં બ્રાંચવાઈઝ અને સી.પી.આઈ. મુજબ ટોપટેનમાં અકબરી ખુશાલી પરેશભાઈ (કોમ્પ્યુટર) ૧૦માંથી ૯.૮૩ મેળવી પ્રથમરેન્ક, પીપીલીયા હિરવા અલ્પેશભાઈ(કોમ્પ્યુટર) ૧૦માંથી ૯.૮૦ મેળવી બીજો રેન્ક, ડોડીયા બંસરી મહેન્દ્રભાઈ(કોમ્પ્યુટર) ૧૦માંથી ૯.૭૮ મેળવી ત્રીજો રેન્ક, જાગડ હેમાન્સી ચેતનભાઈ (કોમ્પ્યુટર) ૧૦માંથી ૯.૭૮ મેળવી ત્રીજો રેન્ક, સોનાગ્રા પાર્થ પ્રવીણભાઈ (આઈ.ટી.) ૧૦માંથી ૯.૭૦ મેળવી પ્રથમ રેન્ક પ્રાપ્ત કરેલ છે.

# રાજકોટના ઉદ્યોગ પ્રશ્નો વિશે સરકારમાં ધાઃઉદ્યોગકારો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને મળ્યા

રાજકોટઃ રાજકોટના ઉદ્યોગકારોને લગતા વિવિધ મહત્વપૂર્ણ પ્રશ્નો , પડકારો અને માંગણીઓ અંગે રાજકોટ દક્ષિણ ઝોનના ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાના નેતૃત્વ હેઠળ ઉદ્યોગ સંસ્થાઓના પ્રતિનિધિમંડળે ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી સકારાત્મક રજૂઆતો કરી હતી.

પ્રતિનિધિમંડળે ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી ઔદ્યોગિક નીતિ બદલ અને ઉદ્યોગ ક્ષેત્રને આપેલા માર્ગદર્શન માટે ડેપ્યુટી ચીફ મિનિસ્ટર હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે જ નાના અને મધ્યમ ઉદ્યોગો ક્ષેત્રને વધુ ગતિ મળે તે માટે નવી ઔદ્યોગિક નીતિ અંતર્ગત MSME સંબંધિત સરકારી ઠરાવ ત્વરિત જાહેર કરવા આગ્રહપૂર્વક રજૂઆત કરી હતી.

આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ નવી ૈંઝ્રઢઝ માટે જમીન ફાળવણી અને વિકાસની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેવી પણ માંગણી મૂકવામાં આવી હતી. ઉદ્યોગકારોને ગ્રીન એનર્જી અને સોલાર એનર્જી ક્ષેત્રે પડતી વિવિધ વ્યવહારિક મુશ્કેલીઓ અને થતા આર્થિક નુકસાન અંગે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરિયા સમક્ષ વિસ્તૃત વિગતો રજૂ કરવામાં આવી હતી.રાજકોટના સબમર્સિબલ પંપ ઉદ્યોગને રાહત મળે તે હેતુથી તેના પર લાગુ ય્જી દરમાં ઘટાડો કરવાની માંગણી નાણામંત્રીના કાર્યાલય સમક્ષ મૂકવામાં આવી હતી

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સસ્તા રિચાર્જનો માર્ગ ખુલ્યોઃ ડેટા વગરના પ્લાન હવે ફરજિયાત

## તમામ દીકરીઓને દાતાઓના સહયોગથી વોશિંગ મશીન, ફ્રીઝ સહિતનો કરિયાવર અપાશે

રાજકોટ,
દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરા દ્વારા છેલ્લાં આઠ વર્ષથી ડિસેમ્બર મહિનામાં યોજાતા માતા-પિતા વિહોણી ૨૨ દીકરીઓના જાજરમાન લગ્નોત્સવ વહાલુડીના વિવાહ ૯ આ વર્ષે પણ યોજાનાર છે. તમામ દીકરીઓને દાતાઓના સહયોગથી વોશિંગ મશીન, ફ્રીઝ, એરકુલર, સિલાઈ મશીન સહિતની ૨૫૭ વસ્તુઓનો કરીયાવર આપવામાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.




સંસ્થા દ્વારા આ વર્ષે યોજાનાર વહાલુડીના વિવાહમાં રાજકોટ ઉપરાંત જેતપુર, કોડીનાર, ભાવનગર, ટાટમ, ભાટિયા, ગુંદાળા, દેવળા, જૂનાગઢની ૨૨ શુકનવંતી દીકરીઓ વહાલુડીઓ નિધિ રાઠોડ, પલક રાજપુત, નિધી દશાડિયા, તુલસી રાઠોડ, દિપાલી જીલકા, સ્નેહા ધરદેવ, રીમ્પલ રાઠોડ, નેન્સી ગોંડલીયા, ધ્રુવીશા ગોસ્વામી, કોમલ વાડોલીયા, અંકિતા અઘારા, શાઈના બારૈયા, નિક્ષીતા બારૈયા, પૂજા ઉમરાણીયા, હેમાની પંડયા, લીના ટાંક, આરતી જાગરાજીયા, ઉર્વશી વરુ, જયોતિ મોરી સપના અગ્રાવત, રિદ્ધિ જોશી, ધારા રૂપારેલીયા આગામી તા.૨૦ ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટના આંગણે અવિસ્મરણીય લગ્નોત્સવમાં પ્રભુતામાં પગલાં પાડશે.

વિશેષ માહિતી પુછપરછ માટે મુકેશ દોશી ૯૮૨૫૦૭૭૭૨૫, અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬, સુનિલ વોરા ૯૮૨૫૨ ૧૭૩૨૦, નલિન તન્ના ૯૮૨૫૭ ૬૫૦૫૫નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# રાજકોટ ટપાલ વિભાગ અને 'ક્લીન અપ ઈન્ડિયા' ટીમ દ્વારા જ્યુબિલી ગાર્ડન ખાતે સફાઈ અભિયાન

રાજકોટ,
'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અભિયાન અંતર્ગત રાજકોટ ટપાલ વિભાગ અને 'ક્લીન અપ ઈન્ડિયા' ટીમના સંયુક્ત ઉપક્રમે જ્યુબિલી ગાર્ડન તેમજ તેની આસપાસના વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. આ અભિયાન દરમિયાન રાજકોટ પોસ્ટલ સ્ટાફ અને 'ક્લીન અપ ઈન્ડિયા'ના સભ્યોએ ગાર્ડન પરિસર તથા આસપાસના વિસ્તારોમાંથી પ્લાસ્ટિક અને અન્ય કચરો એકત્ર કરીને તેનો નિકાલ કર્યો હતો. ટપાલ વિભાગ અને 'ક્લીન અપ ઈન્ડિયા' ટીમ દ્વારા જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા અને નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવાના હેતુથી આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# રાજકોટના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે ઉજવાઈ જલઝીલણી એકાદશી

રાજકોટઃરાજકોટ કાલાવડ રોડ પર આવેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પરિસરમાં જલઝીલણી એકાદશી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે વિઘ્નાહર્તા દેવ ગણપતિજીને જળવિહાર કરાવવા માટે સંતો ભક્તોએ વાજતે ગાજતે શોભાયાત્રા દ્વારા મંદિરની પરિક્રમા કરી પ્રમુખસ્વા્મી સભાગહમાં બનાવવામાં આવેલ જળકુંડમાં લઇ જવામાં આવ્યા હતા. પૂ. અક્ષરકીર્તિ સ્વામીએ 'ભગવાન મોરી નૈયા પાર લગા દેના' વિષયક પ્રવચન કરેલ. કીર્તનગાન સમયે જળકુંડમાં યાંત્રિક નૌકામાં વિહાર કરતા અક્ષરપુરુષોત્તમ મહારાજના દર્શન કરી સૌ ભક્તોન અભિભૂત થયા હતા. તેમ યાદીમાં જણાવાયુંછે.



# રાજકોટની ડો.શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરીમાં શનિવારથી ત્રણ દિવસ ચિત્ર પ્રદર્શન

રાજકોટ,રાજકોટ શહેરના જાણીતા કલાકાર જલ્પા ખેરડિયાનું એકલ ચિત્ર પ્રદર્શન કલ્પચ આર્ટસ્ટુડિયોના ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યું છે. જેમાં કલાકારની સર્જનાત્મકતા, કલ્પના શક્તિ અને કલાત્મક અભિવ્યક્તિને પ્રતિબિંબિત કરતી વિવિધ કતિઓ રજૂ કરવામાં આવશે.

પ્રદર્શનનું ઉદ્ઘાટન તા.૨૬ ના શનિવારે સવારે ૧૧ કલાકે, ડો. શ્યામાપ્રસાદ મુખજી આર્ટ ગેલેરી, રેસકોર્સ, રાજકોટ ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે વિશિષ્ટ મુખ્ય અતિથિઓ તરીકે ભૂપત લાડવા, સુરેશ રાવલ, ડો. રવિદર્શન વ્યાસ અને જયેશભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહેશે.

આ ચિત્ર પ્રદર્શન તા.૨૬ થી ૨૮ દરમિયાન દરરોજ સવારે ૧૦ થી સાંજે ૭ કલાક સુધી મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે. આ પ્રદર્શનનું આયોજન લલિત કલા અકાદમી, ગુજરાત રાજ્ય ના સહયોગથી કરવામાં આવ્યું હોવાનું એક યાદીમાં જણાવાયુ છે.

# ચૂંટણી પંચ માટે ફક્ત સ્વતંત્ર દેખાવું પૂરતું નથી; તે ખરેખર સ્વતંત્ર હોવું જોઈએ: સુપ્રીમ કોર્ટ

## સીઈસી અને ચૂંટણી ઈસીની નિમણૂકને નિયંત્રિત કરતા ૨૦૨૩ ના કાયદાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી



નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે બુધવારે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) અને ચૂંટણી કમિશનરો (ઈસી) ની નિમણૂકને નિયંત્રિત કરતા ૨૦૨૩ ના કાયદાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી. સુપ્રીમ કોર્ટે નિર્ણય લેવાનો હતો કે આ મામલો મોટી બેંચને મોકલવો કે નહીં. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માએ આ મામલાની સુનાવણી કરી. જોકે, બંને ન્યાયાધીશોએ આ મામલે મતભેદ દર્શાવ્યા.

ન્યાયાધીશ દત્તાએ કહ્યું, "જો આપણે સર્વસંમતિથી નિર્ણય આપ્યો હોત, તો તે સંસ્થાકીય એકતાના હિતમાં હોત. કમનસીબે, આપણે મતભેદ ધરાવીએ છીએ. આ મતભેદને કારણે મને વધુ વિગતવાર આદેશ લખવાનું કહેવામાં આવ્યું છે." ન્યાયાધીશ દત્તાએ ૨૦૨૩ ના કાયદા વિશે અનેક પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે ચૂંટણી કમિશનરોની નિમણૂકને નિયંત્રિત કરતો ૨૦૨૩ નો કાયદો સ્વતંત્ર પસંદગી પ્રક્રિયા સુનિશ્ચિત કરતો નથી.

૨૦૨૩ માં, કેન્દ્ર સરકારે સીઈસી અને ઈસીની નિમણૂકને નિયંત્રિત કરતા કાયદામાં સુધારો કર્યો. ચૂંટણી કમિશનરોની નિમણૂક હવે વડા પ્રધાનની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની સમિતિ દ્વારા કરવામાં આવે છે. સમિતિમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કેન્દ્રીય મંત્રીનો પણ સમાવેશ થાય છે. અગાઉ, સમિતિમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પણ શામેલ હતા.

પોતાનો ચુકાદો આપતા, જસ્ટિસ દત્તાએ અનેક મહત્વપૂર્ણ અવલોકનો કર્યા. તેમણે કહ્યું, "બંધારણીય વ્યવસ્થાનો મૂળભૂત સિદ્ધાંત છે કે આપણી પાસે કાયદાનું શાસન છે, વ્યક્તિઓનું નહીં. શાસકો કાયદાથી બંધાયેલા છે અને ક્યારેય કાયદાથી ઉપર ન હોઈ શકે."તેમણે ઉમેર્યું, "આ વ્યાપક બંધારણીય સંદર્ભમાં વર્તમાન અભિપ્રાયના પરિણામોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.

# ભાજપે ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે નવા પ્રભારી અને સહ-પ્રભારીઓની નિમણૂક કરી

## રામ માધવને ઉત્તરાખંડ, સુનીલ બંસલને બંગાળ; સ્મૃતિ ઈરાનીને છત્તીસગઢ અને હરિયાણા સોંપવામાં આવ્યા

નવીદિલ્હી,
ભાજેપે એક મોટો સંગઠનાત્મક ફેરફાર કર્યો છે, જેમાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે નવા રાજ્ય પ્રભારી અને સહ-પ્રભારીની નિમણૂક કરવામાં આવી છે. પાર્ટીએ ઘણા વરિષ્ઠ નેતાઓને મહત્વપૂર્ણ સંગઠનાત્મક જવાબદારીઓ સોંપી છે. આ યાદીમાં, રામ માધવને તમિલનાડુ અને ઉત્તરાખંડના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે સુનીલ બંસલને તેલંગાણા અને પશ્ચિમ બંગાળની જવાબદારી સોંપવામાં આવી છે. સ્મૃતિ ઈરાનીને છત્તીસગઢ અને હરિયાણાના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં, વિનોદ તાવડેને પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને ચાર નેતાઓને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

રામ માધવને તમિલનાડુ અને ઉત્તરાખંડના પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉત્તરાખંડમાં તેમની સાથે અરવિંદ મેનન અને બાંસુરી સ્વરાજને સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. તમિલનાડુમાં, નિર્મલ કુમાર સુરાના અને ડૉ. કે. અરુણા તેમના સહ-પ્રભારી રહેશે. બીજી તરફ સુનીલ બંસલને તેલંગાણા અને પશ્ચિમ બંગાળ બંનેના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેલંગાણામાં, અભય પાટિલ અને રેખા શર્મા તેમના સહ-પ્રભારી છે. પશ્ચિમ બંગાળમાં, લાલ સિંહ આર્ય, રાજેન્દ્ર સિંહ અને પિંકી કુશવાહાને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભાજપે સ્મૃતિ ઈરાનીને છત્તીસગઢ અને હરિયાણાના પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. સિદ્ધાર્થ શંભુને છત્તીસગઢમાં સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડૉ. ભોલા સિંહને હરિયાણામાં સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# મેઘાલયની અગ્રણી પ્રાદેશિક પાર્ટી યુડીપીના આઠ ધારાસભ્યો ભાજપમાં જોડાયા

નવીદિલ્હી,
મેઘાલયની અગ્રણી પ્રાદેશિક પાર્ટી, યુડીપીના આઠ ધારાસભ્યો ભાજપમાં જોડાયા છે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ તમામ આઠ ધારાસભ્યોનું સ્વાગત કર્યું. એક ઔપચારિક પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી જેમાં કિરેન રિજિજુએ સમજાવ્યું કે આઠ યુડીપી ધારાસભ્યો શા માટે તેમનો પક્ષ છોડીને ભાજપમાં જોડાયા.

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, "અમે મેઘાલય વિધાનસભાના આઠ ધારાસભ્યોનું ભાજપ પરિવારમાં સ્વાગત કરીએ છીએ. તેઓ અગાઉ એક મુખ્ય પ્રાદેશિક પક્ષ યુડીપી સાથે સંકળાયેલા હતા. છેલ્લા ૧૨ વર્ષમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ઉત્તરપૂર્વ અને મેઘાલયમાં થયેલી પ્રગતિ અને પરિવર્તન, ઉત્તરપૂર્વના લોકો સાથે નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વકનો જોડાણ અને ભાજપે ઉત્તરપૂર્વમાં વિકાસની રાજનીતિમાં જે રીતે પરિવર્તન લાવ્યું છે, તેણે આ આઠ ધારાસભ્યોને પીએમ મોદી અને અમારી ભાજપની આગેવાની હેઠળની સરકારના કાર્યથી પ્રભાવિત કર્યા છે."

ભાજપમાં જોડાયેલા આઠ ધારાસભ્યોના નામઃ લખમેન રિમ્બુઇ,પ્યાસ માર્વેન,કિર્મેન શાયલા,માયરાલબોર્ન સિયેમ,મેથ્યુ કુર્બાહ,ઓલાન સિંહ સુઈન,બાલાજીદ કુપર સિનરેમ સિંશેર લિંગદોહ થાબાહ આ પ્રસંગે, સંબિત પાત્રાએ જાહેરાત કરી કે લખમેન રિમ્બુઇ ભાજપમાં જોડાઈ રહ્યા છે.

# આયુષ્માન ભારત યોજનાએ દેશના ૬૦ કરોડ લોકોને રૂ.૫ લાખ સુધીનું આરોગ્ય કવરેજ પૂરું પાડ્યું

## આયુષ્માન ભારત યોજનાને આઠ વર્ષ પૂર્ણ થતા પીએમ મોદીએ ભારતના તમામ લાભાર્થીઓને શુભેચ્છા પાઠવી



નવીદિલ્હી,
આયુષ્માન ભારત યોજનાને બુધવારે આઠ વર્ષ પૂર્ણ થયા. આ પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ યોજનાએ દેશના ૬૦ કરોડ લોકોને ૫ લાખ સુધીનું આરોગ્ય કવરેજ પૂરું પાડ્યું છે, જે તેને વિશ્વની સૌથી મોટી આરોગ્ય સંભાળ યોજના બનાવે છે.

આયુષ્માન ભારતના તમામ લાભાર્થીઓને શુભેચ્છા પાઠવતા પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ’એક્સ’ પર એક પોસ્ટમાં લખ્યું, "આઠ વર્ષ પહેલાં, દરેક ભારતીયને ગુણવત્તાયુક્ત અને સસ્તું આરોગ્ય સંભાળ પૂરી પાડવાના વિઝન સાથે આયુષ્માન ભારત શરૂ કરવામાં આવ્યું હતું. આજે, ૬૦ કરોડથી વધુ લાભાર્થીઓ વાર્ષિક ૫ લાખનું આરોગ્ય કવર મેળવી રહ્યા છે, જે તેને વિશ્વની સૌથી મોટી આરોગ્ય સંભાળ યોજના બનાવે છે."

તેમણે વધુમાં કહ્યું કે તેનાથી તબીબી ખર્ચમાં રેકોર્ડ બચત થઈ છે, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થયો છે. આરોગ્ય સંભાળ દરેક ઘર સુધી પહોંચી રહી છે. આયુષ્માન આરોગ્ય મંદિરોમાં અત્યાર સુધીમાં ૫ અબજથી વધુ મુલાકાતો નોંધાઈ છે, જે પાયાના સ્તરે પ્રાથમિક આરોગ્ય સંભાળને મજબૂત બનાવે છે.

દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આઠ વર્ષ પહેલાં "સેવાનો સંકલ્પ" લીધો હતો, જેણે લાખો લોકો માટે આરોગ્ય સંભાળની સુલભતામાં પરિવર્તન લાવ્યું છે. આજે, વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના, આયુષ્માન ભારત પીએમ-જેએવાય, દેશભરના અડધા અબજથી વધુ લોકોને આવરી લે છે.

૬૦૦ મિલિયનથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે, ૪૮૫.૪ મિલિયનથી વધુ આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવ્યા છે અને ૧૩૦ મિલિયનથી વધુ લોકો સારવાર મેળવી રહ્યા છે, આ યોજના સમગ્ર ભારતમાં પરિવારો માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ અને નાણાકીય સુરક્ષાના વચનને વાસ્તવિકતામાં ફેરવી રહી છે.

# કોલકાતામાં પાર્ટી ઓફિસ પર નિયંત્રણને લઈને ટીએમસી-ભાજપ કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ

## પરિસ્થિતિ વધુ વણસતાં ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો

કોલકતા,
કોલકાતાના દક્ષિણપૂર્વ વિસ્તાર મુકુન્દપુરમાં મમતા બેનર્જીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ. સ્થાનિક પાર્ટી ઓફિસના નિયંત્રણ માટે આ વિવાદ શરૂ થયો અને ઝડપથી હિંસક અથડામણમાં ફેરવાઈ ગયો.

પોલીસના જણાવ્યા અનુસાર, પરિસ્થિતિ વધુ વણસતાં ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો. ઘણા ટીએમસી કાર્યકરો ઘાયલ થયા હતા, અને કેટલાકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મમતા બેનર્જીના જૂથના સ્થાનિક કાર્યકરો કથિત કબજામાંથી પાર્ટી ઓફિસને મુક્ત કરાવવાની માંગણી સાથે રેલી કરી રહ્યા હતા ત્યારે આ અથડામણ થઈ હતી. મમતા બેનર્જીની આગેવાની હેઠળના કાર્યકરોનો આરોપ છે કે આ વિસ્તારમાં અગાઉ ટીએમસી પાર્ટી ઓફિસ હતી, જેનો ભાજપે કથિત રીતે બળજબરીથી કબજો લીધો હતો. વિરોધમાં, કાર્યકરો પૂર્વ જાધવપુર પોલીસ સ્ટેશનમાં મેમોરેન્ડમ સુપરત કરવા માટે કૂચ કરી રહ્યા હતા.

ટીએમસીએ આરોપ લગાવ્યો છે કે રેલી શરૂ થયા પછી તરત જ ભાજપના કાર્યકરોએ તેમના પર હુમલો કર્યો હતો. પાર્ટીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે મહિલાઓ પર ઈંડા ફેંકવામાં આવ્યા હતા. ટીએમસી આઈટી સેલના વડા ઉપાસના ચૌધરીએ આરોપ લગાવ્યો હતો કે તેમના ઘરની બહાર પણ તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો, માર મારવામાં આવ્યો હતો અને તેમની કારના આગળના અને પાછળના કાચ તોડી નાખવામાં આવ્યા હતા.

# દિલ્હીમાં મહિલા સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે પિંક પોલીસ ફોર્સ બનાવવામાં આવશે

## શાળાઓ, કોલેજો, મેટ્રો સ્ટેશનો અને અન્ય સંવેદનશીલ સ્થળોએ તૈનાત કરવામાં આવશે

નવીદિલ્હી,
દિલ્હીમાં મહિલા સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે, દિલ્હી પોલીસમાં ’પિંક ફોર્સ’ બનાવવામાં આવશે. આ એકમો શાળાઓ, કોલેજો, મેટ્રો સ્ટેશનો અને અન્ય સંવેદનશીલ સ્થળોએ તૈનાત કરવામાં આવશે. લેફ્ટનન્ટ ગવર્નર સરદાર ટી.એસ. મંગળવારે પોલીસ મુખ્યાલયમાં વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠક દરમિયાન સંધુએ આ સૂચનાઓ આપી હતી.

પોલીસ મુખ્યાલયના સભાગૃહમાં યોજાયેલી બેઠકમાં, ઉપરાજ્યપાલે ૨૪ જૂનથી પોલીસ કામગીરીની સમીક્ષા કરી. તેમણે અધિકારીઓ પાસેથી પોલીસ પહેલ અને જાહેર પ્રતિસાદની જમીની સ્તરની અસર વિશે પૂછપરછ કરી. તેમણે જણાવ્યું હતું કે દિલ્હીને સુરક્ષિત બનાવવું અને નાગરિકોનો પોલીસ પર વિશ્વાસ વધારવો એ પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે બ્રિક્સ સમિટ દરમિયાન દિલ્હી પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓની ભૂમિકાની પણ પ્રશંસા કરી. ઉપરાજ્યપાલે જણાવ્યું હતું કે સમિટમાંથી મેળવેલા અનુભવો દિલ્હીમાં ભવિષ્યમાં મોટા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો માટે સુરક્ષા વ્યવસ્થા સુધારવામાં ઉપયોગી થશે.

મહિલાઓની સલામતી પર ભાર મૂકતા, ઉપરાજ્યપાલે કહ્યું કે મહિલાઓએ દરેક શેરીમાં અને દરેક સમયે સુરક્ષિત અનુભવ કરવો જોઈએ. તેમણે નિર્દેશ આપ્યો કે ’ઓપરેશન સૌજન્ય’ હેઠળ જાહેર સ્થળોએ છેડતી અને ઉત્પીડન સામે કાર્યવાહી ચાલુ રાખવામાં આવે. મહિલાઓ સાથે સંકળાયેલા કેસોમાં તાત્કાલિક કાર્યવાહી થાય તે સુનિશ્ચિત કરવા માટે ખાસ કરીને સંવેદનશીલ સમય અને સ્થળોએ પિંક ફોર્સ તૈનાત કરવામાં આવશે.

જાહેર સુનાવણી સંબંધિત ફરિયાદો માટે ડિજિટલ ટ્રેકિંગ સિસ્ટમ વિકસાવવા સૂચનાઓ આપવામાં આવી હતી. આ સિસ્ટમને ફરિયાદો પ્રાપ્તિથી લઈને નિકાલ સુધી દેખરેખ રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેથી નિર્ધારિત સમયમર્યાદામાં કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય. અન્ય વિભાગો સંબંધિત ફરિયાદો સમયસર સંબંધિત એજન્સીઓને મોકલવા પણ સૂચના આપવામાં આવી હતી.

# ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું સમર્થન

વોશિંગ્ટન,
યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેના યુદ્ધે સમગ્ર મધ્ય પૂર્વને ઘેરી લીધું છે. યુદ્ધની ઊર્જા અને અન્ય ચીજવસ્તુઓના પુરવઠા પર નોંધપાત્ર અસર પડી છે, જેના કારણે તેલ સહિત ઘણી ચીજવસ્તુઓમાં અછત સર્જાઈ છે. ચીજવસ્તુઓના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. મધ્ય પૂર્વમાં આ ચાલુ તણાવ ક્યારે સમાપ્ત થશે તે હજુ સ્પષ્ટ નથી. આ સમયે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરને યાદ કર્યું. છે. ટ્રમ્પે આ કોરિડોર માટે પોતાનો ટેકો જાહેર કર્યો છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "ઈરાન તેના પડોશી દેશોમાં વાણિજ્યિક શિપિંગ પર આતંકવાદી હુમલો કરે છે." હુમલો કર્યો. ઈરાન દ્વારા આ પગલાથી મધ્ય પૂર્વના ઉર્જા માળખામાં દરેકને ઈરાની ચેકપોઈન્ટથી દૂર રાખવામાં આવશે. ખસેડવાની તાત્કાલિક જરૂરિયાત દર્શાવવામાં આવી છે. તેથી જ મારું વહીવટ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર અને અન્ય તેલ પરિવહન વિકલ્પો માટે મજબૂત સમર્થન આપે છે - પછી ભલે તે પાઈપલાઈન હોય કે અન્યથા. "સાથે મળીને, આપણે દાયકાઓથી આ ક્ષેત્રને પીડિત પડકારોને દૂર કરવાની નજીક છીએ." ભારત-પશ્ચિમ એશિયા-યુરોપ આર્થિક કોરિડોર, નવી દિલ્હીમાં યોજાયેલી ૧૮મી જી-૨૦ સમિટ દરમિયાન. અથવા આઈએમઈસીની જાહેરાત કરવામાં આવી હતી.

# ઈસ્ટર આત્મઘાતી હુમલાના કેસમાં શ્રીલંકામાં ૧૫ આરોપીઓને ૨૦૦ વર્ષની જેલની સજા

## શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટમાં ૧૧ ભારતીયો સહિત ૨૭૦ લોકો માર્યા ગયા હતા

કોલંબો,
૨૦૧૯ના ઈસ્ટર આત્મઘાતી હુમલાના કેસમાં શ્રીલંકાની એક કોર્ટે સજા જાહેર કરી. કોર્ટે ૨૪ આરોપીઓમાંથી ૧૫ આરોપીઓને દોષિત ઠેરવ્યા અને દરેકને ૨૦૦ વર્ષથી વધુની જેલની સજા ફટકારી.આઈએસઆઈએસ સાથે જોડાયેલા સ્થાનિક ઈસ્લામિક ઉગ્રવાદી જૂથ, નેશનલ તૌહીદ જમાત ના નવ આત્મઘાતી બોમ્બરોએ ૨૧ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ ત્રણ કેથોલિક ચર્ચ અને ત્રણ વૈભવી હોટલોને નિશાન બનાવી શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટો કર્યા હતા. આ હુમલાઓમાં ૧૧ ભારતીયો સહિત ૨૭૦ લોકો માર્યા ગયા હતા અને ૫૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.


’અદાડેરાના’ ન્યૂઝ પોર્ટલમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, કોલંબો હાઈકોર્ટની બેન્ચે તમામ ૧૫ દોષિતોને ૨૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. ન્યાયાધીશ નવરત્ને મરાસિંઘે, રામનાથન કન્નન અને સુજીવા નિસ્સ્કાની બનેલી ત્રણ સભ્યોની બેન્ચે ચુકાદો આપ્યો હતો, જેમાં ૧૫ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને નવ અન્યને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

નોંધનીય છે કે આ કેસમાં ટ્રાયલ લગભગ પાંચ વર્ષ સુધી ચાલી હતી, અને ત્યારબાદ, કોર્ટે મુખ્ય આરોપી, નૌફર મૌલવીને દોષિત ઠેરવ્યો હતો. આરોપીઓ સામે ૨૩,૨૭૦ આરોપો ઘડવામાં આવ્યા હતા, જ્યારે ફરિયાદ પક્ષે ૨,૩૦૯ સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતા.

એ નોંધવું જોઈએ કે આ કેસમાં આરોપીઓ પર આતંકવાદ નિવારણ અધિનિયમ હેઠળ હત્યા અને હત્યાનો પ્રયાસ, આતંકવાદી કૃત્યો કરવાનું કાવતરું અને શસ્ત્રો અને વિસ્ફોટકો રાખવા અને ઉપયોગ કરવાના આરોપો મૂકવામાં આવ્યા હતા. એ નોંધવું જોઈએ કે રાષ્ટ્રીય તૌહીદ જમાતના નેતા ઝહરાન હાશિમે ઈસ્ટર સન્ડેની નમાજને નિશાન બનાવનારી આત્મઘાતી ટુકડીનું વ્યક્તિગત નેતૃત્વ કર્યું હતું.

# ભારતને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે રાજ્ય સરકારો અને કેન્દ્રીય વિભાગો વચ્ચે સંકલન અનિવાર્ય : અમિત શાહ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના વડાઓના ત્રીજા રાષ્ટ્રીય સમિટનું ઉદ્ઘાટન કર્યું



નવીદિલ્હી,
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નશીલા પદાર્થો સામે નિર્ણાયક યુદ્ધની જાહેરાત કરી છે. અમિત શાહે કહ્યું કે સરકાર "લક્ષ્યો, સમયરેખા અને જવાબદારી" નક્કી કરશે અને ૨૦૨૯ સુધીમાં નશીલા પદાર્થો સામે સંપૂર્ણ વિજય મેળવવા માટે નિર્ણાયક યુદ્ધ લડશે, કારણ કે તે ભારત માટે સૌથી ગંભીર ખતરો બની ગયા છે.એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના વડાઓના ત્રીજા રાષ્ટ્રીય સમિટનું ઉદ્ઘાટન કરતા, અમિત શાહે કહ્યું કે જ્યાં સુધી બધી રાજ્ય સરકારો અને કેન્દ્રીય વિભાગો "૨૦૨૯ સુધીમાં ડ્રગ્સ મુક્ત ભારતનું મોટું લક્ષ્ય" પ્રાપ્ત કરવા માટે સાથે મળીને કામ નહીં કરે, ત્યાં સુધી આપણે આગળ વધી શકતા નથી.

અમિત શાહે વધુમાં કહ્યું, "છેલ્લા પાંચ વર્ષમાં, આપણે કાશ્મીરમાં આતંકવાદ, ઉત્તરપૂર્વમાં બળવાખોરી અને નક્સલવાદ જેવા ઘણા પડકારોનો સફળતાપૂર્વક સામનો કર્યો છે. ગૃહ મંત્રાલયે, બધા રાજ્યોના સહયોગથી, ભારત દાયકાઓથી સામનો કરી રહેલી મોટી સમસ્યાઓને દૂર કરી છે."

ડ્રગ્સ સામેની લડાઈને "બધી લડાઈઓમાં સૌથી મુશ્કેલ" ગણાવતા અમિત શાહે કહ્યું, "આપણે આ લડાઈ છોડી શકતા નથી. ૨૦૪૭ સુધીમાં ’વિકસિત ભારત’ બનાવવા, યુવાનોને ભારતના વિકાસ સાથે જોડવા અને ભાવિ પેઢીઓને બચાવવા માટે, આપણો એકમાત્ર વિકલ્પ ભારતને ડ્રગ્સ મુક્ત બનાવવાનો છે." જોકે, અમિત શાહે એમ પણ કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં, ડ્રગ્સ મુક્ત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "હવે આપણે મીટિંગ્સથી મિશન તરફ, રિપોર્ટિંગથી પરિણામો તરફ, જપ્તીથી નેટવર્કને તોડી પાડવા તરફ અને કેસોથી સજા તરફ આગળ વધવું પડશે." તેમણે વધુમાં કહ્યું કે પ્રથમ એએનટીએફ પરિષદે એક સંસ્થાકીય માળખું સ્થાપિત કર્યું અને પછી તેને મજબૂત બનાવ્યું. પછી, બીજી એએનટીએફ પરિષદમાં, અમે તે માળખાને કાર્યમાં રૂપાંતરિત કરવા માટે ક્ષમતાઓ, ક્રિયાઓ અને અમલીકરણની ચર્ચા કરી. આજે, ત્રીજી એએનટીએફ પરિષદ આ રોડમેપને નિર્ણાયક યુદ્ધમાં પરિવર્તિત કરશે.

# રાહુલ ગાંધીએ ‘મત ચોરી’ને ભારતીય લોકો સામેનો ગુનો અને બંધારણ પર સીધો હુમલો ગણાવ્યો, ન્યાય મળશે તેવી પ્રતિજ્ઞા લીધી

## ભાજપ, આરએસએસ અને ચૂંટણી પંચ પર આ ઘટનાનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો



નવીદિલ્હી,
એસઆઈઆર અંગે ચૂંટણી પંચ સામે ચાલી રહેલા વિવાદ વચ્ચે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ ’મત ચોરી’ને ભારતીય લોકો સામેનો ગુનો અને બંધારણ પર સીધો હુમલો ગણાવ્યો. તેમણે ભાજપ, આરએસએસ અને ચૂંટણી પંચ પર આ ઘટનાનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો, તેને "રાજદ્રોહ" ગણાવ્યો અને ન્યાય મળશે તેવી પ્રતિજ્ઞા લીધી.

રાહુલ ગાંધીના "મત ચોરી"ને બંધારણ પર હુમલો અને ભાજપ, આરએસએસ અને ચૂંટણી પંચના કાર્યોને "રાજદ્રોહ" ગણાવવાના નિવેદનથી વિવાદ વધુ તીવ્ર બન્યો છે. જ્યારે વિપક્ષ ચૂંટણી પંચની વિશ્વસનીયતા અને મુખ્ય ચૂંટણી કમિશનરની ભૂમિકા પર સવાલ ઉઠાવી રહ્યો છે, ત્યારે ચૂંટણી પંચે બે ચૂંટણી કમિશનરોના અસંમતિના દાવાઓને ફગાવી દીધા છે, અને તેના નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હોવાનું જાહેર કર્યું છે.

કેરળના નિલંબુરમાં પ્રિયંકા ગાંધીએ કહ્યું કે આ લોકશાહી માટે ખૂબ જ ગંભીર મુદ્દો છે. તેમણે કહ્યું કે જો ચૂંટણીઓ યોજવામાં ન આવે તો લોકશાહી ક્યાં રહેશે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે જો ચૂંટણીઓ કોઈપણ રીતે અન્યાયી અથવા પ્રભાવિત હોય, અને ચૂંટણી પંચ તેની જાણ હોવા છતાં આ થવા દે, તો તે લોકશાહી પર ગંભીર હુમલો છે. તેમણે તેને "રાજદ્રોહ" ગણાવ્યો.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ આ વિવાદ પર તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને વિપક્ષી પક્ષો ઘણા વર્ષોથી ચૂંટણીની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. ખડગેએ ફોર્મ ૬, સોફ્ટવેરના કથિત ઉપયોગ, મતદાર યાદીઓ અને પારદર્શિતા સંબંધિત મુદ્દાઓનો ઉલ્લેખ કરીને રાહુલ ગાંધીના ’મત ચોરી’ અને SIR પર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. ખડગેએ એમ પણ કહ્યું હતું કે SIRના પહેલા ત્રણ તબક્કામાં ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ડ્રાફ્ટ મતદાર યાદીઓમાંથી ૧૩૮ મિલિયન નામો બાકાત રાખવામાં આવ્યા હતા.

# વ્યાજે રકમ આપી જમીન પોતાના નામે કરાવી એક કરોડ પડાવ્યા

## આરોપીઓએ સાટાખતના બદલે વેચાણ દસ્તાવેજ કરાવી પૈસા પડાવ્યા:અલ્પેશ દોંગાની ધરપકડ

રાજકોટ: પડધરીના સરપદળ ગામે રહેતા પ્રજ્ઞોશ ઝાલાવડીયા (ઉ.વ.૨૫)ને વ્યાજે રકમ આપ્યા બાદ જમીનના દસ્તાવેજ કરાવી લઇ તે જમીન પરત આપવા માટે રૂા.૧.૦૭ કરોડ જેવી માતબર રકમ પડાવાયાની પડધરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. જેના આધારે પોલીસે મની લેન્ડ સહિતની કલમો હેઠળ રાજકોટ રહેતા અલ્પેશ ગોપાલભાઇ દોંગા, અક્ષિત અકબરી, ચંદુભાઇ છગનભાઇ વીરડીયા તેના પુત્ર પિયુષ અને સરપદળના હિરેન રતીભાઇ લુણાગરીયા સામે ગુનો નોંધી અલ્પેશની ધરપકડ કરી બાકીના આરોપીઓની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.



ફરિયાદમાં પ્રજ્ઞોશે જણાવ્યું છે કે, હાલમાં ગામમાં ચા, પાન, કરીયાણાની દુકાન ચલાવે છે. ૨૦૨૨માં રાજકોટમાં ગેરેજ કરતા ૪૧ લાખની નુક્શાની ગઇ હતી. પિતાનું મકાન વેંચી, દાગીના ગીરવે મુકી નુક્શાનીની ભરપાઇ કરી હતી. હજુ રૂા.૬ લાખ ભરવાના હોવાથી ગામના હિરેન મારફત નાનામવા રોડ પર પટેલ ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ નામની ઓફિસ ધરાવતા અલ્પેશ અને અક્ષિતનો સંપર્ક કર્યો હતો.

આ બંને જમીન ઉપર લોન આપવાનું કામ કરતા હતા. વાતચીત થયા બાદ જમીન જોવી પડશે તેમ કહ્યું હતું. જમીન જોઇ જમીનનો સાટાખત પોતાના રોકાણકાર ચંદુ વીરડીયાના નામે કરી આપવાનું કહ્યું હતું. ૨૦૨૨ની સાલમાં પડધરીની સબ રજીસ્ટ્રાર કચેરીમાં જમીનનો સાટાખત કરાવવાના નામે લઇ ગયા હતા. જે થઇ ગયા બાદ રૂા.૫.૫૦ લાખ ૫ ટકા વ્યાજે આપ્યા હતા. બીજા દિવસે વ્યાજના રૂા.૫૦ હજાર લઇ લીધા હતા.

એકાદ માસ પછી સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી નોટિસ આવતા આરોપીઓએ સાટાખત નહીં પરંતુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લીધાની માહિતી મળી હતી. આ બાબતે અલ્પેશનો સંપર્ક કરતા પોતાનો વિશ્વાસ રાખવાનું કહ્યું હતું. ૨૦૨૩માં અલ્પેશને મળી મુદ્દલ અને વ્યાજની તમામ રકમ ચુકવી દીધી હતી. આમ છતાં અલ્પેશે જમીનનો દસ્તાવેજ રદ કરવા બાબતે ખોટા બહાના બતાવવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહી વ્યાજના હજું રૂપિયા આપવા પડશે તેમ કહી પઠાણી ઉઘરાણી પણ શરૂ કરી હતી.

એક દિવસ પિયુષ વીરડીયાએ કોલ કરી અલ્પેશે તેની જમીનના દસ્તાવેજના આધારે પોતાની પાસેથી રૂા.૮૦ લાખ લીધાનું કહી તે રકમ ભરી દસ્તાવેજ લઇ જવાનું કહ્યું હતું. આ બાબતે અલ્પેશને વાત કરતા ઉશ્કેરાઇ જઇ જમીન જોઇતી હોય તો પૈસા આપવા જ પડશે, નહીં તો તને અને તારા બાપને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

પરિણામે ડરી જતાં તેના મોટાભાઇ નવનીતની પાંચ વીઘા જમીન રૂા.૧.૨૮ કરોડમાં વેંચી તેમાંથી રૂા.૪૦ લાખ અલ્પેશને આપી દીધા હતા. જોકે આ રકમ અલ્પેશે પિયુષને ચુકવી ન હતી. જેને કારણે થોડા દિવસો બાદ ફરીથી તેની પાસે રૂા.૮૦ લાખની માગણી કરી અન્યથા લેન્ડ ગ્રેબિંગની ફરિયાદની ધમકી આપી હતી.ફરીથી અલ્પેશનો સંપર્ક કરતા હવે ઓફિસે આવતા નહી નહીતર પગ ભાંગી નાખીશ તેવી ધમકી આપી હતી. આ રીતે તેની પાસેથી પોતાની જ જમીન પરત આપવા માટે આરોપીઓએ રૂા.૧.૦૭ કરોડ પડાવી લેતા આખરે ફરિયાદ નોંધાવી હતી.

# ૧૫૦થી વધુ સીસીટીવી કેમેરા જોયા બાદ વાહનચોર ઝડપાયો




રાજકોટ : શહેરમાં છેલ્લા ત્રણ જ માસમાં આઠ ટુ-વ્હીલરની ચોરી કરી તરખાટ મચાવનાર ભાવનગરના હસમુખ પ્રસાદ નિમાવત (ઉ.વ.૩૮) અને તેની પાસેથી ચોરાઉ વાહન ખરીદનાર બોટાદના પાટણા ગામના કુલદીપ જેસિંગભાઇ સિંધવ (ઉ.વ.૨૭)ને ક્રાઇમ બ્રાંચે ઝડપી લઇ રૂા.૩.૯૫ લાખના તમામ ચોરાઉ વાહનો કબજે કર્યા હતા.

ભાવનગરથી હસમુખ કોઇ વાહનમાં રાજકોટ આવી ગોંડલ ચોકડી અને વાવડી પાસે ચા અને પાનની દુકાને પોતાના વાહનમાં જ ચાવી મૂકી જનારના વાહનો ચોરી લેતો હતો. ત્રણ માસમાં તેણે આઠ વાહનોની ચોરી કરી હતી. જેમાંથી રાજકોટ તાલુકા પોલીસમાં સાત અને આજી ડેમ પોલીસ મથકમાં એક ફરિયાદ નોંધાઇ હતી.તે માથા પર ટોપી પહેરી ચોરી કરવા આવતો હતો. તેના સીસીટીવી ફુટેજ મળી જતાં ક્રાઇમ બ્રાંચના પીઆઇ એ.એસ.ચાવડા અને પીએસઆઇ એ.એન.પરમારે ટીમોને કામે લગાડી હતી. કોઇપણ ગુનેગાર સીસીટીવીમાં કેદ થઇ ગયા પછી પણ તેની ઓળખ મેળવવાનું કામ ખુબ જ મુશ્કેલ હોય છે.

આ કેસમાં પણ તેવું જ થયું હતું. ક્રાઇમ બ્રાંચની ટીમોએ રાજકોટથી લઇ ભાવનગર સુધીના ૧૫૦થી વધુ સીસીટીવી કેમેરા જોયા બાદ હસમુખની ઓળખ મળી હતી. જેના આધારે તેને ઝડપી લીધો હતો. તમામ ચોરાઉ વાહનો કુલદીપને પાણીના ભાવે વેંચવા આપી દીધાનું કબૂલતા તેને પણ ક્રાઇમ બ્રાંચે સકંજામાં લીધો હતો. હજુ સુધી એક પણ વાહન કાગળોને કારણે વેચાયું ન હોવાથી તમામ વાહનો તેની પાસેથી જ મળી આવ્યા હતા.ક્રાઇમ બ્રાંચને જાણવા મળ્યું કે, હસમુખ ઉપર ચારેક લાખનું દેણું થઇ ગયું હતું. જેમાંથી બહાર નીકળવા માટે વાહનચોરીના રવાડે ચડી ગયો હતો. ખાસ કરીને ચાવી લગાડેલા વાહનો કોઇને ગંધ ન આવે તે રીતે ઉપાડવામાં માસ્ટર થઇ ગયો હતો. તે સાથે જ ક્રાઇમ બ્રાંચે વાહનચાલકોને લોક કરવા માટે અનુરોધ કર્યો છે. જેથી ચોરીની ઘટનાઓ બનતા અટકે.

# જસદણ ભાદર નદી પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારના ગંભીર આરોપો:ભરત બોધરાનો પત્ર વાયરલ

## જળ સંસાધન મંત્રીને નબળી કામગીરીની લેખિત ફરિયાદ; વિજિલન્સ ટીમે સ્થળ તપાસ કરી

રાજકોટ: જસદણ શહેરમાં ભાદર નદી પર બની રહેલી સંરક્ષણ દીવાલ અને રિવરફ્રન્ટ પાથવેની કામગીરીમાં ગંભીર ભ્રષ્ટાચાર થયો હોવાના આરોપો સામે આવ્યા છે. ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ ડો. ભરત બોધરાએ જળ સંસાધન મંત્રી ઈશ્વરસિંહ પટેલને પત્ર લખીને નબળી ગુણવત્તાના કામ અંગે ફરિયાદ કરી છે. પત્ર વાયરલ થતાં તંત્ર દોડતું થયું છે અને સ્થળ પર પહોંચેલી વિજિલન્સ ટીમે તપાસ હાથ ધરી છે.ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ ડો. ભરત બોધરાએ જળ સંસાધન અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલને પત્ર પાઠવ્યો છે. તેમણે જસદણ શહેરમાં ભાદર નદીની સંરક્ષણ દીવાલ અને રિવરફ્રન્ટ પાથવેના કામ સામે સવાલો ઉઠાવ્યા છે. આ પ્રોજેક્ટની સમગ્ર કામગીરી નિયમો અને સરકારી માપદંડો મુજબ નહીં થતી હોવાની બાબત તેમણે પત્રમાં સ્પષ્ટ કરી છે.





જળ સંસાધન મંત્રીને લખાયેલા પત્રમાં જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટના નિર્માણકાર્યમાં ટેન્ડરની શરતોનું સરકારી સ્તરે ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. બાંધકામમાં અત્યંત હલકી ગુણવત્તાની સામગ્રી વાપરવામાં આવી રહી હોવાનો આરોપ છે. આ ઉપરાંત નિર્માણ દરમિયાન નિયમો અને માપદંડ મુજબ પૂરતા પ્રમાણમાં લોખંડનો ઉપયોગ પણ કરાતો નથી.

ડો. ભરત બોધરાએ પ્રોજેક્ટમાં થતી ગેરરીતિની ગંભીરતા ધ્યાને લઈને તાત્કાલિક ધોરણે વિજિલન્સ તપાસ કરાવવાની માંગ પત્ર દ્વારા કરી હતી. શાસક પક્ષના જ પૂર્વ હોદ્દેદાર દ્વારા જળ સંસાધન મંત્રીને કરાયેલી આ ફરિયાદનો પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સ્થાનિક રાજકારણ અને તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.પત્ર વાયરલ થતાં અને ભ્રષ્ટાચારનો મુદ્દો ચર્ચાસ્પદ બનતાં સરકારી તંત્ર તુરંત સક્રિય બન્યું છે. બે દિવસ પહેલા જ વિજિલન્સની એક ખાસ ટીમે જસદણ ખાતે પહોંચીને નિર્માણાધીન ભાદર નદી પ્રોજેક્ટનું સ્થળ તપાસ હાથ ધરી હતી. વિજિલન્સના સત્તાવાર રિપોર્ટ આવ્યા બાદ જ આ પ્રોજેક્ટમાં થયેલી ગેરરીતિ અને ભ્રષ્ટાચારનું સાચું પ્રમાણ સ્પષ્ટ થશે.

# IG નિર્લિપ્ત રાય દ્વારા પોલીસમાં જ સાફ-સફાઇ, રાજકોટ રેન્જમાં ફફડાટ

## ડી સ્ટાફ પાસે ૭ મુદ્દાની માહિતી માંગી, નામ-એડ્રેસથી લઈ સગા-સંબંધીમાં કોઈ હિસ્ટ્રીશીટર કે બુટલેગર છે કે નહીં




રાજકોટ:રાજકોટ રેન્જમાં આવતા ગ્રામ્ય, દેવભૂમિ દ્વારકા, જામનગર અને સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના ડી સ્ટાફમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓમાં ફફડાટ જોવા મળી રહી છે. રેન્જ IG નિર્લિપ્ત રાય દ્વારા તમામ પોલીસ વડા પાસેથી ડી સ્ટાફનો એક ડિટેઇલ રિપોર્ટ મંગાવવામાં આવ્યો છે, જેમાં તમામ પોલીસકર્મીઓ અને તેમના સગા-સંબંધીની પણ માહિતી માંગવામાં આવી છે.

ખાસ કરીને પોલીસકર્મીઓના સગા-સંબંધીઓમાં કોઈ ગુનેગાર, હિસ્ટ્રીશીટર કે બુટલેગર છે કે નહી તેની સ્પષ્ટ માહિતી માંગવામાં આવી છે. જેના આધારે આગામી દિવસોમાં તમામ જિલ્લાના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ડી સ્ટાફના કર્મચારી અને તેમની કાર્યપદ્ધિમાં મોટો ફેરફાર કરી શકાય. નિર્લિપ્ત રાય પોતાની કાર્યશૈલીથી આખા ગુજરાતમાં જાણીતા છે. કાયદામાં કોઈપણ પ્રકારે બાંધછોડ કરવામાં તેઓ માનતા નથી અને તેમાં પણ ખાસ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ જો પોતાના કામમાં બાંધછોડ કરી કાયદા વિરૂદ્ધ કામ કરે તો તેમની સામે સસ્પેન્શન સુધીની કાર્યવાહી કરતા તેઓ ખચકાતાં નથી.

રેન્જ IG તરીકે નિમણૂંક થયા બાદ આખા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં ફેરફાર જોવા મળી રહ્યો છે અને પોલીસની કોઈ ભૂમિકા સામે આવે તો સસ્પેન્ડ કરવાના અનેક બનાવો સામે આવી ચૂક્યા છે, ત્યારે નિર્લિપ્ત રાય દ્વારા એક ખાસ નિર્ણય કરવામાં આવ્યો છે અને રેન્જ હેઠળ આવતા તમામ જિલ્લામાં પોલીસની કામગીરી સારી રીતે થયા તે માટે અલગ અલગ ૭ મુદ્દાની માહિતી માંગવામાં આવી છે.

ડી સ્ટાફમાં ફરજ બજાવતા અધિકારી, કર્મચારીનું નામ, તેમનું મૂળ વતન, હાલનુંસરનામું, કેટલા સમયથી ડી સ્ટાફમાં ફરજ બજાવે છે, કોઈ સગા-સંબંધી ગુનેગાર, હિસ્ટ્રીશીટર કે બુટલેગર છે કે નહી, જો હોય તો તેમનું નામ અને તેમની સાથે શું સંબંધ છે તે અંગેની માહિતી માંગી છે.

આ માહિતી તૈયાર કરી રેન્જૈ઼ને મોકલવાનો આદેશ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં તમામ જિલ્લા પોલીસ સ્ટેશનથી આવેલી માહિતીના આધારે તપાસ કરી ડી સ્ટાફની અંદર સ્વચ્છ છબી ધરાવતા અને લાયક પોલીસ અધિકારી-કર્મચારી જ ફરજ બજાવે અને તેમની કાર્યપદ્ધતિ LCB માફક જવાબદારી પૂર્વક બનાવવા માટે નિર્દેશ આપવામાં આવી શકે છે.

# વિદ્યાર્થિનીઓની પજવણી કરનાર ડીએચ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર પીઠડિયાને ઘરભેગા કરો:જીપીએસસી

## સરકારની ૯ વર્ષના પગાર ઘટાડાની નરમ નીતિ જીપીએસસીએ ઉડાવી દીધી

રાજકોટ:જૂનાગઢ જિલ્લાના ભેંસાણની સરકારી વિનયન કોલેજ ખાતે ફરજ દરમિયાન વિદ્યાર્થિનીઓને મોબાઈલમાં બિભત્સ મેસેજ મોકલી જાતીય સતામણી કરનાર અને હાલ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજમાં ફરજ બજાવતા સમાજશાસ્ત્ર વિષયના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. સચિન જે. પીઠડિયા સામે આખરે કાયદાનો ગાળિયો વધુ મજબૂત બન્યો છે.સરકારના શિક્ષણ વિભાગે કરેલી હળવી સજાનો નિર્ણય જીપીએસસીએ ફગાવી દઈ પ્રોફેસર ડો.સચિન પીઠડિયાને નોકરીમાંથી બરતરફ કરવાની ભલામણ શિક્ષણ વિભાગમાં કરી છે. શિક્ષણ વિભાગે ડૉ.પીઠડિયાને ૧૫ દિવસની મુદત સાથે આખરી કારણદર્શક નોટિસ પાઠવી છે.

ભેંસાણ સરકારી કોલેજ ખાતે ૧૦ ડિસેમ્બર ૨૦૨૧થી ૫ મે ૨૦૨૫ સુધી ફરજ બજાવતા સમાજશાસ્ત્રના પ્રોફેસર સચિન પીઠડિયા સામે ચાર જેટલી વિદ્યાર્થિનીઓએ જાતીય સતામણી અંગે લેખિત રજૂઆતો કરી હતી. જેમાં પ્રોફેસરે લેખિતમાં કબૂલાત કરી હતી કે સંબંધિત બીભત્સ મેસેજ પોતાના દ્વારા જ કરવામાં આવ્યા હતા.

ભેંસાણની સરકારી કોલેજનો આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.સચિન પીઠડિયા બે વર્ષથી વિદ્યાર્થિનીઓને બીભત્સ મેસેજો કરીને માર્ક્સ ન આપવાની ધમકી આપતો હતો. ઈન્ટર્નલ માર્ક્સ માટે તેણે એક યુવતીને મેસેજ કર્યો કે, મને જ મળવું ત્યારે આ ફોન તેના પિતા પાસે હોય સમગ્ર ભાંડો ફૂટયો હતો.

જીપીએસસીએ આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, “૪ જેટલી વિદ્યાર્થિનીએ લેખિત ફરિયાદ કરી છે અને હજુ પણ અન્ય વિદ્યાર્થિનીઓ ભોગ બની હોવાની પૂરી સંભાવના છે. આક્ષેપિત અધિકારીનું વર્તન તેમના હોદ્દાને લેશમાત્ર શોભે તેવું નથી. તેઓ ભવિષ્યમાં આવી ગેરવર્તણૂકનું પુનરાવર્તન નહીં કરે તેવી કોઈ ખાતરી જણાતી નથી.

આંતરિક તપાસ સમિતિના અહેવાલ બાદ શિક્ષણ વિભાગે આરોપી અધ્યાપકના પગાર ધોરણને લઘુતમ તબક્કે ૯ વર્ષ સુધી ઉતારી વાર્ષિક ઈજાફો રોકવાની શિક્ષા સૂચવી જીપીએસસીની મંજૂરી માંગી હતી. જેમાં જીપીએસસીએ તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના પત્રથી સરકારની દરખાસ્તનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો હતો અને તેમને સીધા સેવામાંથી બરતરફ કરવાની કડક સલાહ આપી હતી.

# પરિવારની મરજી વિરુદ્ધ સુરત જઈ યુવક સાથે લગ્ન કર્યા

## ‘હવે મને ગોતતી નહીં’ કહી પત્નીને તરછોડી દેતાં સમગ્ર મામલો મહિલા પોલીસ મથકે પહોંચ્યો

રાજકોટ:રાજકોટમાં રહેતી ૨૮ વર્ષની યુવતીની વોટ્સએપ ડીપીના વખાણ કરી સુરતના યુવકે તેની સાથે વાતચીત શરૂ કરી હતી. ફોન પરની વાતચીત બાદ બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો અને યુવતીએ પરિવારની મરજી વિરુદ્ધ સુરત જઈ યુવક સાથે લગ્ન કર્યા હતા.

જોકે લગ્નના થોડા સમય બાદ સાસરિયાંના ત્રાસ અને પતિની ચડામણીથી દાંપત્યજીવનમાં વિખવાદ શરૂ થયો હતો. અંતે પતિએ માર માર્યા બાદ ‘હવે મને ગોતતી નહીં’ કહી પત્નીને તરછોડી દેતાં સમગ્ર મામલો મહિલા પોલીસ મથકે પહોંચ્યો છે.

આ બનાવમાં કોઠારિયાના દેવપરામાં રહેતી શીતલબેન ભાદાણી(ઉં.વ.૨૮)ની ફરિયાદ પરથી મહિલા પોલીસે આરોપી તરીકે સુરતના પતિ ધર્મેશ ભાદાણી, સસરા રમેશ ભાદાણી, સાસુ હંસા, જેઠ મંથન અને જેઠાણી હીનાનું નામ આપ્યું હતું. ફરિયાદ મુજબ ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અજાણ્યા નંબર પરથી શીતલબેનને ફોન આવ્યો હતો. વાત ન કરતાં વોટ્સએપ પર મેસેજ કરી તેની ડીપીના વખાણ કરવામાં આવ્યા હતા.બાદમાં સામેવાળો સુરતનો ધર્મેશ રમેશભાઈ ભાદાણી હોવાનું જાણવા મળ્યું હતું. બંને વચ્ચે અવારનવાર ફોન પર વાતચીત થયા બાદ ધર્મેશે મળવા બોલાવતાં શીતલબેન સુરત ગયા હતા. લગ્નની વાત થતાં પરિવારની મંજૂરી ન મળતાં ૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ધર્મેશ તેને રાજકોટથી સુરત લઈ ગયો હતો અને બીજા દિવસે બંનેએ સુરતમાં રજિસ્ટર્ડ લગ્ન કર્યા હતા.

ફેબ્રુઆરી ૨૦૨૪માં શીતલબેન પતિ સાથે સુરત રહેવા ગયા હતા. સાસુ-સસરા, જેઠ-જેઠાણી સાથે રહેતા હતા ત્યારે ઘરકામ બાબતે મેણાં-ટોણાં અને બોલાચાલી થતી હતી. બાદમાં બંને અમરોલીમાં ભાડાના મકાનમાં દોઢ વર્ષ રહ્યા હતા. દરમિયાન સાસરિયાં પતિને ચડામણી કરતા હતા.

શીતલબેન સરકારી ભરતીની પરીક્ષાની તૈયારી માટે ગાંધીનગર ગયા બાદ પણ વિવાદ ચાલુ રહ્યો હતો. ૧૦ જૂન ૨૦૨૬ના રોજ સુરત પહોંચતાં છૂટાછેડાની વાતને લઈને પતિ અને જેઠ સાથે બોલાચાલી થઈ હતી. બાદમાં પતિએ માર માર્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ૧૪ જૂને પતિનો ફોન આવ્યો અને તેણે ‘હું જાઉં છું, આજ પછી મને ગોતતી નહીં’ કહી ફોન કાપી નાખ્યો હતો.

# પોલીસનું લોક તોડવું કારચાલકને ભારે પડ્યું

## વીડિયો વાયરલ થતાં ટ્રાફિક પોલીસે શોધી કાઢી ૨૪૫૦નો દંડ ફટકાર્યો

રાજકોટ:રાજકોટમાં વધુ એક વખત નો પાર્કિંગમાં રહેલ કારના લોકને તોડવું કારચાલકને ભારે પડ્યું છે. યાજ્ઞિક રોડ પર આજે એક કારના લોકને તોડવામાં આવતો હોવાનો વિડીયો વાયરલ થતા ટ્રાફિક પોલીસ દ્વારા તપાસ હાથ ધરી કાર ચાલકને શોધી તેમની પાસેથી નો પાર્કિંગ અંગે દંડ વસુલવામાં આવ્યો હતો આ ઉપરાંત લોકને તોડી દેવા બદલ નુકશાની અંગે વધુ ચાર્જ મળી કુલ રૂ.૨૪૫૦ વસૂલવામાં આવ્યા હતા.



રાજકોટના યાજ્ઞિક રોડ પર ધનરજની કોમ્પ્લેક્ષ પાસે નો પાર્કિંગમાં એક સફેદ કલરની સ્વીફ્ટ કાર નંબર જીજે.૩૨.એજી.૧૯૫૦ પડી હતી જેને ટ્રાફિક પોલીસ દ્વારા લોક કરી દેવામાં આવી હતી. કારના માલિક પરત ફરતા કાર લોક હોવાથી માત્ર ૧૨ સેકન્ડમાં કારના લોકને એક તરફથી ખેંચી તોડી નાખ્યો હતો અને બાદમાં લોકને ફૂટપાથ પર મૂકી દીધો હતો. આ સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થવા પામતા પોલીસે તપાસ હાથ ધરી હતી.ટ્રાફિક પોલીસની તપાસમાં વાયરલ વિડીયો અંગે તપાસ કરવામાં આવતા કારચાલક રાજુભાઈ ગોવિંદભાઈ સોલંકી હોવાનું સામે આવ્યું હતું. જેમની પાસેથી પોલીસે નો પાર્કિંગમાં વાહન પાર્ક કરવા બદલ રૂપિયા ૧૦૦૦ અને લોકને નુકશાન પહોંચાડવા બદલ વધુ રૂપિયા ૧૪૫૦ મળી કુલ રૂ.૨૪૫૦ દંડ વસુલ કર્યો હતો.

# ગોંડલના મોટા મહિકા ગામે વીજકરંટથી શ્રમિકનું મોત

ગોંડલ:ગોંડલ તાલુકાના મોટા મહિકા ગામે આવેલી કંપનીના પરિસરમાં રહેતો અને તે જ કંપનીમાં સફાઈ કામ કરી રહેલા ૩૨ વર્ષીય યુવકને જોરદાર વીજ ઝટકો લાગતાં અકાળે મોત નિપજ્યાનો બનાવ સામે આવ્યો છે. પોલીસે બનાવ અંગે અકસ્માત મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની મળતી વિગતો મુજબ, મૂળ પરપ્રાંતીય અને હાલ મોટા મહિકા ગામે કારખાના પરિસરમાં રહીને મજૂરી કામ કરતો અજય રામજી પાસવાન (ઉ.વ. ૩૨) નામનો યુવક કંપનીમાં સફાઈ કામ કરી રહ્યો હતો. તે વેળાએ અચાનક વીજ વાયરથી જોરદાર ઝટકો લાગતાં યુવક સ્થળ પર જ બેભાન થઈ ઢળી પડ્યો હતો.

બનાવ બાદ યુવકને તાકીદે સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, તબીબો યુવકની સારવાર શરૂ કરે તે પૂર્વે જ યુવકનું મોત નિપજ્યું હતું. ગોંડલ તાલુકા પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડી કાયદેસરની તપાસની તજવીજ હાથ ધરી છે.શ્રમિક યુવકના અકાળે મોતથી પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.

# નવાગામ મર્ડર કેસ:આરોપીને પિસ્ટલ સપ્લાય કરનાર વિરમગામના શખ્સની જામીન અરજી રદ

રાજકોટ:શહેરના ચર્ચાસ્પદ નાનામવા રોડ પર બુલેટ ધીમે ચલાવવા બાબતે ઠપકો આપતાં થયેલી તકરાર બાદ ગરાસિયા યુવાન કૃષ્ણસિંહ જાડેજાની ગોળી મારીને કરાયેલી હત્યા અને તેમના દાદા પર ખૂની હુમલાના કેસમાં કોર્ટે મોટો નિર્ણય કર્યો છે.

આ ગુનામાં ફાયરિંગ કરવા માટે મુખ્ય આરોપી રણજીત વાળાને ગેરકાયદે હથિયાર પૂરું પાડનાર વિરમગામના આરોપી શિવરાજ નાજભાઈ ધાંધલની રેગ્યુલર જામીન અરજી રાજકોટના એડિશનલ સેશન્સ જજે ફગાવી દીધી છે.

આરોપી તરફે એવી રજૂઆત કરાઈ હતી કે, તે નિર્દોષ છે અને તેને ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યો છે. જોકે, સરકારપક્ષે નિમાયેલા સ્પેશિયલ પીપી અનિલભાઈ દેસાઈ તથા મૂળ ફરિયાદી પક્ષના વકીલ રૂપરાજસિંહ પરમારે સખત વાંધો ઉઠાવ્યો હતો.

તેમણે દલીલ કરી હતી કે હત્યામાં વપરાયેલું હથિયાર શિવરાજે પૂરું પાડ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. આરોપી વિરુદ્ધ અગાઉ પણ વિરમગામમાં આઈપીસી ૩૦૭ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુના નોંધાયેલા હોવાથી તે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જો તેને જામીન આપવામાં આવે તો સાક્ષીઓને ધાકધમકી આપી પુરાવા સાથે છેડછાડ કરી શકે છે.અદાલતે તમામ દલીલો, કેસ ડાયરી અને ગુનાની ગંભીરતા ધ્યાને રાખી નોંધ્યું હતું કે, આરોપી સામે પ્રથમદર્શનીય કેસ બને છે અને હાલ તપાસ પ્રગતિ હેઠળ છે. સમાજહિત અને ગુનાના પ્રકારને ધ્યાનમાં રાખતાં તેને મુક્ત કરી શકાય નહીં, તેવા તારણ સાથે અદાલતે જામીન નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

# રામપર બેટીમાં પ્રેમ પ્રકરણમાં ફરી ધીંગાણું: ત્રણ ઘવાયા, ઈજાગ્રસ્તો રાજકોટ સિવિલમાં દાખલ

રાજકોટ:રામપર બેટીમાં બે પક્ષે ધોકા - પાઈપ અને છરીથી ધીંગાણું ખેલાયું હતું. જેમાં ત્રણ ઘવાયા હતા. પ્રેમ પ્રકરણમાં ફરી એક વાર બઘડાટી બોલી હતી. ઈજાગ્રસ્તોને રાજકોટ સિવિલમાં દાખલ કરાયા હતા.



મળતી માહિતી અનુસાર, રૂપસંગ ચોથા મકવાણા(ઉંમર વર્ષ ૩૨)નો યુવક ગઈકાલે ગામમાં હતો ત્યારે વનરાજ, દિપક, વચ્છરાજ, રમેશ, હરેશ સહિતનાએ હુમલો કર્યો હતો. રૂપસંગના કુટુંબની એક દીકરી સાથે સામેવાળા પૈકી એક યુવક સાથે પ્રેમ સંબંધ અને અગાઉ છ વર્ષ પહેલા માથાકૂટ થઈ હતી. પછી પણ અવાર નવાર ઝઘડા થતા. એક તબક્કે સમાધાન પણ થઈ ગયું હતું. છતાં તે ઝઘડામાં જ આ બનાવ ફરી બન્યો છે.

સામા પક્ષે દેવરાજ ગેમા ભલગામડીયા (ઉંમર વર્ષ ૩૬) અને તેના મોટા બાપુનો દિકરા રમેશ છગન ભલગામડીયા (ઉંમર વર્ષ ૪૨) પણ રાજકોટ સિવિલમાં દાખલ થયા હતા. તેણે જયદિપ, રૂપસંગ, મોહિત, દિલીપ, જીવરાજ, રમેશ, રાહુલ, ધનજી, બાબુએ હુમલો કર્યાનું કથન કર્યું છે. દેવરાજને સામેવાળા પક્ષની છોકરી સાથે પ્રેમ સંબંધ હતો. એરપોર્ટ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.